પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૭/૦૯/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ ભાદરવા વદ-૧૧ વર્ષ : ૧૬ અંક : ૨૩૫

**સુવિચાર**

''આપણે સતત એ યાદ રાખવાનું છે કે, સૃષ્ટિને બચાવવાનાં આપણાં પ્રયાસ, સૃષ્ટિને ફસાવવાનાં પ્રયાસમાં ન પરિણમે.''

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

SINCE 1999
હરિૐ
PENDAWALA
શ્રાધ્ધપક્ષ નિમિતે...
સ્પે.અંગુર રબડી
સ્પે.ડ્રાયફ્રુટ ચુરમાના લાડુ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

## વિકાસ, વિકાસ અને વિકાસનાં શોરબકોર વચ્ચે શાસકો વાસ્તવિકતા નિહાળતા નથી

# બગસરામાં તબીબનાં અભાવે મેડિકલ ઉપકરણો નકામા બન્યા

- રૂપિયા ૪.૫૦ કરોડનાં ખર્ચે બનેલ સિવિલ હોસ્પિટલનું રાજયનાં આરોગ્ય મંત્રીએ કર્યુ હતું લોકાર્પણ
- છેલ્લા ૧૬ વર્ષથી અધિક્ષક તબીબની જગ્યા ખાલી હોય આરોગ્ય મંત્રીને ખબર તો હશેને
- લાખો રૂપિયાનાં ખર્ચે ખરીદાયેલ મેડિકલ ઉપકરણ ઉપયોગનાં અભાવે ધુળ ખાઈ રહ્યા છે
- સત્તા પક્ષનાં આગેવાનો વિકાસની વાતો ઓછી કરે અને ખરા અર્થમાં વિકાસ કરે તેવી સૌ માંગ કરે છે




તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૬

બગસરામાં ૪.૫૦ કરોડના ખર્ચે હાલમાં જ અદ્યતન સિવિલ હોસ્પિટલ તમામ સુવિધાઓથી સજ્જ બનાવવામાં આવેલી છે. આ સિવિલ હોસ્પિટલ આરોગ્ય મંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવેલ હતું. સાડા ચાર કરોડના ખર્ચે બનેલ સિવિલ હોસ્પિટલમાં સરકાર ધ્વારા એકસરે મશીન મુકવામાં આવ્યું છે પરંતુ હાલ ઘણો સમય વીતી ગયો પણ હજુ સુધી ચાલુ કરવામાં આવેલ નથી તેમજ ડાયાલીસીસ વિભાગ પણ હજુ સુધી ચાલુ કરવામાં આવેલ નથી અને સર્જરી વિભાગ તો જાણે ૨૦૦૯ પહેલાથી જ બંધ કરી દેવામાં આવ્યો હોય તેમ ૨૦૦૯ થી આ હોસ્પિટલમાં સર્જન ડોકટરની જગ્યા ખાલી છે જેના લીધે લોકોને પ્રાઈવેટ હોસ્પિટલમાં જવાની ફરજ પડે છે. આવી ઘણી સુવિધાઓ આપવામાં આવી છે પરંતુ હજુ સુધી ફકત કાગળ ઉપર હોય તેમ લાગી રહ્યું છે. ખાલી પડેલી જગ્યામાં ડોકટરોના આભાવે આ તમામ ફેસેલિટી ફકત કાગળ ઉપર જ હોય તેવું લાગી રહ્યું છે. હાલમાં ડોકટરના સ્ટાફના અભાવને કારણે આ સિવિલ હોસ્પિટલમાં સર્જન ડોકટર ૨૦૦૯ પહેલાથી જગ્યા ખાલી હોવાથી સરકાર દ્વારા આ સર્જનની ભરતી તત્કાલ ભરવામાં આવે જેથી દર્દીઓને સર્જરી તેમજ ડાયાલીસીસ અને ઓર્થોપેડિક માટે બહાર જવું ના પડે તેના માટે સરકાર દ્વારા તત્કાલ ડોકટર અને સ્ટાફની ભરતી કરી તમામ ફેસેલિટી ચાલુ કરવામાં આવે તેમજ ડોકટર પણ નિમવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

### સાવરકુંડલાથી ૩ પિતરાઈ ભાઈઓ અમરેલી આવી પરત ફરતા હતા

# અમરેલીથી સાવરકુંડલા માર્ગ ઉપર કાર પલ્ટી જતાં ૧ વ્યકિતનું મોત : ૨ ઈજાગ્રસ્ત

**માર્ગમાં ખાડા આવતાં ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવ્યો**

અમરેલી, તા. ૧૬

સાવરકુંડલા ગામે રહેતા ત્રણ પિતરાઈ ભાઈઓ કાર લઈને સાવરકુંડલાથી અમરેલી ખાતે ફિલ્મ જોવા માટે આવેલ હતા અને રાત્રીના સમયે આશરે સાડા બારેક વાગ્યે ફિલ્મ પુરૂ થયા બાદ રાત્રીના આશરે એકાદ વાગ્યે પરત સાવરકુંડલા જતાં હતા. ત્યારે અમરેલી નવા માર્કેટયાર્ડ પછી થોડે દુર જતા રોડ ઉપર ખાડો આવતા જે ખાડો કાર ચાલક તારવવા જતાં કારના સ્ટેરીંગ ઉપરનો ગુમાવતા કાર કાબુમાં નહિ રહેતા અને રોડની સાઈડમાં ખાળીયામાં ઝાડ સાથે અથડાઈ પડતા ત્રણેય યુવકોને ઈજા થતાં ૧૦૮ એમ્પુલન્સને ફોન કરી બોલાવેલ અને એમ્બ્યુલન્સ આવી જતા ત્રણેયને કારની બહાર કાઢી અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર ખસેડાયેલ હતાં. તે પૈકી એકને તપાસી મરણ ગયેલ જાહેર કર્યા હતાં.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ સાવરકુંડલા ગામે ભુવા રોડ ઉપર સોહમનગર રામજી મંદિરની બાજુમાં રહેતા મેહુલભાઈ સુરેશભાઈ વાઘેલા નામના ૨૫ વર્ષિય યુવક તેમનાં કાકા કનુભાઈ વાઘેલાના દીકરા કિશનભાઈ તથા વિશાલ એમ ત્રણ પિતરાઈ ભાઈઓ ગઈકાલે રાત્રીના એકાદ વાગ્યે કાર નં. જી.જે.–૧૪ એપી–૨૮૦૬ લઈને અમરેલીથી ફિલ્મ જોઈને સાવરકુંડલા તરફ જતા હતા તે દરમ્યાન અમરેલી નવા માર્કેટીંગ યાર્ડ વિશાલભાઈએ ગાડી બેફિકરાઈ અને પુરઝડપે ચલાવી તે દરમ્યાન રોડ વચ્ચે ખાડો આવતા કારચાલક ખાડો તારવવા જતા સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા કાર રોડની નીચે ખાળીયામાં ઉતરી જઈ એક ઝાડ સાથે અથડાઈ જતા ત્રણેયને ઈજા થતાં ૧૦૮ એમ્પુલન્સને ફોન કરી બોલાવેલ અને

અનુસંધાન પાના ૬ ઉપર

### સમગ્ર શહેરમાં અરેરાટી અને રોષ ઉભો કરતી ઘટના

# અમરેલીમાં ભાવકા ભવાની મંદિર નજીક યુવતી ઉપર ૨ યુવકોએ છરી વડે કર્યો હુમલો

**યુવતીનાં ગળાનાં ભાગે છરી મારતાં ઈજાગ્રસ્ત યુવતીને સારવારમાં ખસેડાઈ**



ઈજાગ્રસ્ત યુવતીની ફાઈલ તસ્વીર

અમરેલી, તા. ૧૬

અમરેલીમાં ચિતલ રોડ ઉપર રહેતી એક ૨૪ વર્ષીય યુવતી ઉપર તેજ વિસ્તારમાં આવેલ ભાવકા ભવાની મંદિર પાસે બે જેટલાં શખ્સોએ કોઈપણ કારણોસર યુવતી ઉપર છરી વડે આડેધડ ઘા કરી હિચકારો હુમલો કરતાં આ હુમલામાં ઘવાયેલ યુવતીને ગંભીર હાલતમાં સારવાર માટે દવાખાને ખસેડાયેલ હતી. આ બનાવમાં છરી મારવાનું કારણ અકબંધ હોય પોલીસ તપાસ બાદ સાચું કારણ બહાર આવશે. આ બનાવને લઈ અમરેલી ચકચાર મચી જવા પામેલ છે.

આ બનાવમાં સૂત્રોમાંથી મળતી વિગત મુજબ અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ ભાવકા ભવાની મંદિર વિસ્તારમાં રહેતી હેતલબેન માવજીભાઈ ભાડ નામની ૨૪ વર્ષીય યુવતી ઉપર તેજ વિસ્તારમાં રહેતા વિપુલ નામના ઈસમ સહિત બે શખ્સોએ કોઈપણ કારણોસર આ યુવતીને ગળાના ભાગે છરી વડે આડેધડ ઘા કરી હિચકારો હુમલો કર્યાનું યુવતીએ નિવેદન આપ્યું હતું. આ હુમલામાં ઘવાયેલ યુવતીને ગંભીર હાલતમાં સારવાર માટે દવાખાને ખસેડાયેલ છે.

આ બનવાની જાણ સ્થાનિક પોલીસને થતાં અમરેલી સિટી પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. અને ઘવાયેલ યુવતીને એમ્બ્યુલન્સ ૧૦૮ મારફત સારવાર અર્થે અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડેલ હતી. આ બનાવમાં છરી મારવાનું કારણ અકબંધ હોય પોલીસ તપાસ બાદ સાચું કારણ બહાર આવશે. આ બનાવને લઈ અમરેલી ચકચાર મચી જવા પામેલ છે.

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

તારીખ : ૨૬–૧૦–૨૦૨૫
લાભ પાંચમથી
ચાલુ કરી રહ્યા છીએ...
naari IVF
''નવી આશા, નવી યાત્રા''
અમે તકનીકી દ્રષ્ટિએ અદ્યતન IVF સારવાર અને સંપૂર્ણ મેડિકલ માર્ગદર્શન આપીને દંપતિઓને માતા-પિતા બનવાનો અવસર પ્રદાન કરીએ છીએ..
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
Mo.7862037707

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬ જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
99,700/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૬/૦૯/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
6354973131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

## દેશનાં માર્ગ મંત્રી નીતિન ગડકરીનાં તાબાનાં નેશનલ હાઈવેની કામગીરી વિવાદાસ્પદ

# રાજુલાનો હિંડોરણા બ્રિજ બન્યો ભ્રષ્ટાચારનો ભોરિંગ

**જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી બનેલ બ્રિજ ઉપર લોખંડનાં સળિયા યમદુત જેવા જોવા મળી રહ્યા છે**

**વાહનચાલકો વાહન ખરીદી, પેટ્રોલ, ડીઝલની ખરીદી તેમજ ટોલટેક્ષ ભર્યા કરે અને બદલામાં મળે બિસ્માર માર્ગો**

**ભાવનગર–સોમનાથ વચ્ચેનાં હાઈવેમાં સૌથી વધુ ખરાબ માર્ગ અમરેલી જિલ્લામાંથી પસાર થતો ટુકડો હોય છે**

**જિલ્લાનાં જનપ્રતિનિધિઓ સ્વ વિકાસમાં ગળાડૂબ હોય મત વિસ્તારનો વિકાસ યાદ આવતો નથી**

રાજુલા, તા. ૧૬

સૌરાષ્ટ્રમાં અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ આ ત્રણ જિલ્લાને જોડતો મહત્વનો નેશનલ હાઈવે એટલે ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે. કેન્દ્ર સરકાર દ્વારા કરોડો રૂપિયાનો ખર્ચ કરી નેશનલ હાઈવે તૈયાર કરવામાં આવ્યો છે. અમરેલી જિલ્લામાંથી પસાર થતો ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે રાજુલા–જાફરાબાદ પંથકમાંથી પસાર થાય છે. રાજુલા નજીક આવેલ હિંડોરણા બ્રિજ ઉપર વરસાદી ઝાપટાના કારણે લોખંડના સળિયા બહાર આવ્યા છે. આ લોખંડના સળિયા બહાર આવી જવાના કારણે આ બ્રિજની કામગીરી કેટલી હદે નબળી ગુણવત્તાની છે તે પોલ ખુલી ગઈ છે. અહીં સામાન્ય વરસાદી ઝાપટાના કારણે ફરીવાર આ બ્રિજ ઉપર ખાડા પડવાના કારણે લોખંડના સળિયા બહાર આવતા નેશનલ ઓથોરિટીના અધિકારીઓ, કામ કરનાર કોન્ટ્રાકટર, એજન્સી સામે સવાલો ઉઠી રહ્યા છે. વાહન ચાલકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

આ હિંડોરણા બ્રિજ ઉપર આજ જગ્યા ઉપર અગાઉ ખાડામાં ગાબડા પડવાના કારણે કોન્ટ્રાકટર દ્વારા ઠીગડા બુરવામાં આવ્યા બાદ હવે અહીં લોખંડના સળિયા બહાર આવી જવાના કારણે ભારે વાહન ચાલકોમાં રોષ જોવા મળી રહ્યો છે. પરંતુ સુત્રોપાસેથી મળતી માહિતી પ્રમાણે આ નેશનલ ઓથોરિટીના અધિકારીઓ સ્થાનિક અને જિલ્લા પ્રશાંશનને ગાઠતા નથી અને સંકલનના અભાવે સ્થાનિક જવાબદાર અધિકારીઓની સુચનાનું પણ કોઈ પાલન નથી કરતા તેવો ગણગણાટ ચાલી રહ્યો છે.

અગાઉ ૨ માસ પહેલા રાજુલાના ચારનાળા નજીક બ્રિજ ઉપર મોટી તિરાડો પડી હતી જેના કારણે ભારે વિવાદ સર્જાયો હતો. જયારે આ તિરાડો પડી અને રસ્તો બેસી જવાના કારણે વાહન ચાલકો દોડતા દોડતા ચાલતા જોવા મળ્યા હતા. મસમોટી તિરાડો પડવાના કારણે વાહન ચાલકોએ રોષ વ્યકત કર્યો હતો અને નેશનલ હાઈવે ઓથોરિટીના કોન્ટ્રાકટર દ્વારા ઠીગડા મારી બુરવામાં આવ્યા હતા. પરંતુ આ નેશનલ હાઈવેને લોકાર્પણ હજુ કર્યો નથી અને આ પહેલા મોટો ભ્રષ્ટાચાર સામે આવી રહ્યો છે.

રાજુલા જાફરાબાદ પંથકમાંથી પસાર થતો નેશનલ હાઈવે ઉપર અગાઉ દાતરડી બ્રિજ શરૂ થાય તે પહેલા બેસી ગયો હતો. દાતરડીથી લઈ ચારનાળા સુધી ગાબડા, તિરાડો અનેક વખત પડી ચુકી સ્થાનિક વાહન ચાલકો, ગામડાના લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા. અનેક રજુઆત કરવા છતાં અમરેલી જિલ્લાના જવાબદાર કલેકટર, આઈએએસ કક્ષાના અધિકારીઓએ એટલા સમયમાં આજ સુધી સ્થળ વિઝીટ કોઈ કલેકટર દ્વારા કરવામાં નથી આવી અને કોઈ સૂચના, નોટિસ પણ આપી નથી જેના કારણે નેશનલ હાઈવે ઉપર વાંરવાર લાલીયાવાડી સામે આવી રહી છે. કેન્દ્ર સરકાર દરમ્યાનગીરી નહિ કરે ત્યાં સુધી આ સીલસીલો યથાવત રહી શકે છે.

વાહન ચાલક લખમણભાઈ વાવડીયાએ જણાવ્યું ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે ઉપર હિંડોરણા બ્રિજ ઉપર આ પાંચમી છટ્ઠી વાર લોખંડના સળિયા નીકળી ગયા છે. કેમિકલથી વાંરવાર મરામત કરી ઢાંક પીછોડો કરે છે. દોઢ વર્ષમાં આ સ્થિતિ બધા બ્રિજ ઉપર છે સલામતીના કોઈ બોર્ડ નથી.

બાઈક ચાલક બાધાભાઈ પટાટએ જણાવ્યું ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે ઉપર ઓથોરીટીએ બહુ ખરાબ કામ કર્યુ છે. નબળું કામ હોવાથી વાંરવાર ગાબડા પડયા કરે છે. ભાવનગર ઓથોરિટીવાળાએ મનમાની કરી કામ કર્યુ છે કોઈ રાજકીય નેતાઓ પણ જોવા નથી આવતા. ગેરવ્યાજબી કામો કર્યુ છે ગુણવત્તાસભર કામ નથી માત્ર વાહવાહ કરવા જેવું કામ કર્યુ છે.

ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે અતિ ખરાબ હોવા છતાં લોકો ટોલટેક્ષ ભરે છે જેમાં કુલ ૫ આ હાઈવે ઉપર ટોલનાકા આવેલા છે જેમાં ટેક્ષ લેવામાં આવી રહ્યો છે. (૧) કોબડી ટોલ, (૨) લોંગડી ટોલ, (૩) નાગેશ્રી ટોલ (૪) વેળવા ટોલ, (૫) સુંદરપરા ટોલ વિવિધ અલગ અલગ જિલ્લા–તાલુકામાં આવેલ છે.

---


## ધારાસભ્ય કસવાલાની મહેનત અને આરોગ્ય પ્રત્યેની નિષ્ઠાનુ પરિણામ

# સાવરકુંડલાની સરકારી હોસ્પિટલને બ્લડ બેન્કની મંજૂરી

## ગરીબ દર્દીઓ માટે આરોગ્ય સેવાઓમાં ક્રાંતિ

**ઇમરજન્સીમાં તાત્કાલિક લોહીની ઉપલબ્ધતા–અનેક દર્દીઓને મળશે નવી આશા**







સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા અને આસપાસના વિસ્તારો માટે એક સુખદ અને ઐતિહાસિક સમાચાર આવ્યા છે. હવે સાવરકુંડલાની સરકારી હોસ્પિટલને સત્તાવાર રીતે બ્લડ બેંકની માન્યતા મળી છે. આ નિર્ણય ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓ માટે આરોગ્ય ક્ષેત્રે એક મોટી ઉપલબ્ધિ સાબિત થશે.

લાંબા સમયથી ચાલી રહેલી આ માંગણી હવે વાસ્તવિકતા બની છે, જેનો સીધો લાભ ગરીબ દર્દીઓને મળશે જેમને ઈમરજન્સી સમયે કે ઓપરેશન દરમિયાન લોહી માટે અન્ય શહેરોમાં જવું પડતું હતું. બ્લડ બેંકની સ્થાપના થવાથી હવે તાત્કાલિક અને જીવનરક્ષક લોહીની સુવિધા સ્થાનિક સ્તરે જ ઉપલબ્ધ થશે.

આ સફળતાનો યશ સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાલાની અથાક મહેનત અને આરોગ્ય પ્રત્યેની તેમની નિષ્ઠાને જાય છે. તેમણે આ મુદ્દાને કેન્દ્ર અને રાજય સરકાર સમક્ષ વારંવાર રજૂ કર્યો, જેના પરિણામે આ મંજૂરી મળી છે. કસવાલાએ આ મહવપૂર્ણ ઉપલબ્ધિ બદલ રાજય અને કેન્દ્ર સરકારનો હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો છે.

આ નવી સુવિધા ગરીબ પરિવારો માટે એક આશીર્વાદરૂપ પગલું છે, કારણ કે હવે તેમને લોહીની જરૂરિયાત માટે મોંઘી ખાનગી હોસ્પિટલો કે દૂરના શહેરોમાં જવાનો ખર્ચ અને મુશ્કેલી સહન કરવી પડશે નહીં. સાવરકુંડલાની સરકારી હોસ્પિટલમાં જ બ્લડ બેંકની સુવિધા મળવાથી આરોગ્ય સેવાઓ વધુ સુલભ અને અસરકારક બનશે, જેનાથી અનેક જીવન બચાવી શકાશે.

આ નિર્ણયથી સમગ્ર સાવરકુંડલા અને લીલીયા વિસ્તારના આરોગ્ય ક્ષેત્રમાં એક નવો અપ્રયાય શરૂ થયો છે તેમ સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

---

## ''અમરેલી એક્સપ્રેસ'' સહિત મીડિયા જગતે અહેવાલ પ્રસિધ્ધ કર્યા બાદ

# બગસરામાં રોગચાળાના માહોલ વચ્ચે આરોગ્ય વિભાગ દ્વારા ડોર ટુ ડોર સર્વે જનજાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યુ

**રોગચાળાની મીડિયાને જાણકારી મળી હતી અને આરોગ્ય વિભાગને હવે ખબર પડી**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૬

બગસરા હાલ રોગચાળાના અજગર ભરડામાં સપડાયું હોય તેવી સ્થિતિનું નિર્માણ થઈ ગયું છે. પાણીજન્ય રોગ તેમજ ગંદકી અને ઠેર ઠેર પાણીના ખાબોચિયા ભરાવાથી મચ્છર જન્ય રોગોથી ઘરે ઘરે દર્દીઓના ખાટલા જોવા મળી રહ્યા છે. જિલ્લા આરોગ્ય તેમજ પાલિકાએ ઘરે ઘરે સર્વે કરી તેમજ રિપોર્ટિંગ કરવામાં આવ્યું હતું. હાલમાં ન્યૂઝ પેપરમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલની અસરથી જિલ્લા પંચાયતની ટીમ દ્વારા ઘરે ઘરે સર્વે તેમજ રિપોર્ટિંગ કરવામાં આવ્યું હતું. ઠેક ઠેકાણે મચ્છરોનો ઉપદ્રવ જોવા મળી રહ્યા છે ત્યાં દવાના છંટકાવ તેમજ ભરેલા પાણીનો નાશ કરવામાં આવ્યો હતો. તેમજ પાલિકા ચીફ ઓફિસર દ્વારા રોગચાળા અંતર્ગત લોકોમાં જાગૃતિ રાખવા પ્લાનિંગ કરવામાં આવ્યું હતું તેમજ પાલિકા ખાતે મિટિંગ કરી રોગચાળાના ભરડાથી બચવા પત્રિકા છપાવી ઘરે ઘરે પહોંચતા કરવામાં આવશે તેમજ હેલ્થ ઓફિસર અને પાલિકા ટીમ દ્વારા લારી ગલ્લા નાસ્તાની રેંકડીઓ દુકાનોનું ચેકિંગ કરવામાં આવશે. તેમજ શહેરમાં ખુલ્લા ટાકા, ટાકીઓ, ટાયરોની દુકાનો, પંચરની દુકાનો પાલિકા દ્વારા મુલાકાત લેવામાં આવશે ડિરકોર્ડ કન્ટેનની કામગીરી કરવામાં આવશે.

---

## ધારાસભ્ય જનક તળાવીયાની રજુઆત બાદ

# બાબરાના અમરવાલપુર ગામે ૨૩ લાખનાં ખર્ચે તળાવનું રિપેરિંગ કરાશે

**પાળાનું સમારકામ, ઉંડુ ઉતારવું સહિતની થશે કામગીરી**

બાબરા, તા. ૧૬

બાબરા તાલુકાના અમરવાલપુર ગામમાં આવેલ તળાવના સમારકામ માટે રાજય સરકારે ૨૩ લાખનો ખર્ચ મંજુર કર્યો છે. આ તળાવના રિપેરિંગની સૈદ્ધાંતિક મંજુરી મળતા સ્થાનિક લોકોમાં ખુશીનો માહોલ છે. આ કામગીરી માટે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ સતત રજુઆતો કરી હતી.

અમરવાલપુર ગામનું આ તળાવ છેલ્લા ઘણા સમયથી જર્જરિત હાલતમાં હતું. વરસાદી પાણીનો સંગ્રહ નથવાને કારણે આસપાસના વિસ્તારમાં ભૂગર્ભજળના સ્તરમાં ઘટાડો થયો હતો. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને, લાઠી–બાબરાના ધારાસભ્યએ સરકારમાં અનેકવાર રજુઆતો કરી હતી અને તેના પરિણામ સ્વરૂપે ૨૩ લાખના ખર્ચે તળાવના સમારકામ માટે સૈદ્ધાંતિક મંજુરી મળી છે.

આ કામગીરીમાં તળાવનું નવીનીકરણ પાળાનું સમારકામ, ઉંડુ ઉતારવું અને ગેટ–રેલિંગ સહિતના કામો હાથ ધરવામાં આવશે. આ પ્રોજેકટ પૂર્ણ થવાથી પાણીનો સંગ્રહ વધશે. જેનાથી ભુગર્ભજળનું સ્તર ઉંચુ આવશે અને ખેડૂતોને પણ ફાયદો થશે. તળાવના વિકાસથી ગામની સુંદરતામાં પણ વધારો થશે અને પશુઓ માટે પણ પાણીની સુવિધા ઉપલબ્ધ થશે. ધારાસભ્યએ આ મંજુરી બદલ રાજય સરકાર અને સંબંધિત વિભાગનો આભાર વ્યકત કર્યો છે.

---

# ગાધકડા ખાતે સમસ્ત કોળી યુવા સંગઠનની બેઠક યોજાઈ



સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે સમસ્ત કોળી યુવા સંગઠન દ્વારા એક મહત્વપૂર્ણ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મિટિંગમાં ગામના યુવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જે સંગઠનની ગામડે ગામડે સક્રિયતા અને મિટિંગોના દોરની શરૂઆતનું પ્રતીક છે. મિટિંગનો મુખ્ય ઉદ્દેશ કોળી સમાજને નવી દિશા આપવાનો, સમાજની તમામ સંગઠનોને એક મંચ પર લાવવાનો અને સમાજને રાજકીય, આર્થિક, સામાજિક તથા શૈક્ષણિક રીતે સશક્ત બનાવવાનો હતો.

સંગઠનને મજબૂત કરવા ગામડે ગામડે ગ્રામ્ય સમિતિઓની રચના કરવાની યોજના ઘડવામાં આવી. લાયકાતના આધારે વિભાગીય કામગીરી સોંપવા અને આયોજનબદ્ધ રીતે સંગઠનને આગળ લાવવા માટે ગંભીર ચર્ચા થઈ. વધુમાં, સંગઠનમાં ઠરાવ સિસ્ટમ દ્વારા નિર્ણયો લેવાની અને ચોક્કસ સમયગાળામાં કામગીરી પૂર્ણ કરવાની પ્રક્રિયા અંગે વિગતવાર જાણકારી આપવામાં આવી.

આ પગલાંથી સંગઠનની કાર્યક્ષમતા અને પારદર્શકતા વધશે, તેમજ સમાજના ઉદ્દેશોને ઝડપથી હાંસલ કરવામાં મદદ મળશે. મિટિંગમાં સમાજને મળતા અધિકારોની જાણકારી આપવામાં આવી અને યુવાનોને એકજૂટ થઈને સમાજના વિકાસ માટે કામ કરવાનો સંકલ્પ લેવડાવ્યો. આગામી સમયમાં આવા આયોજનો દ્વારા સમાજને વધુ મજબૂત અને સંગઠિત બનાવવાની હાકલ કરવામાં આવી.

---

## લાઠી પ્રાંત, મામલતદાર અને પીઆઈની ઉપસ્થિતિમાં

# બાબરામાં પોલીસ દ્વારા પકડાયેલ વિદેશી દારૂના જથ્થાનો નાશ કરાયો

**૬ લાખથી વધુ રકમનો દારૂ નાશ કરાયો**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૬

બાબરામાં પોલીસ દ્વારા થોડા વર્ષોમાં વિદેશી દારૂ તેમજ બિયર પકડવામાં આવેલ હતો. તેને અહીં શહેરની દૂર ખુલ્લી જગ્યામાં નાશ કરવામાં આવ્યો હતો અધિકારીઓની ઉપસ્થિતીમાં લાખો રૂપિયાના દારૂ પર રોડર ફેરવી દેવામાં આવ્યું હતું.

બાબરામાં પોલીસ દ્વારા થોડા વર્ષોમાં વિદેશી દારૂ નંગ બોટલ ૨૦૧૬ તેમજ બિયર ૯૪ પેટી મળી કુલ રકમ ૬૫૩૯૨૬ કુલ સાડા છ લાખથી વધુ રકમના દારૂને નાશ કરવામાં આવ્યો હતો. લાઠી પ્રાંત અધિકારી મામલતદાર, નશાબંધી અધિકારી તેમજ પીઆઈ સહિત પોલિસ સ્ટાફની ઉપસ્થિતીમાં અલગ અલગ વિદેશી કંપની તેમજ બિયરના જથ્થાને નાશ કરવામાં આવ્યો હતો.

---

# દામનગરમાં બિસ્માર માર્ગોથી શહેરીજનો તોબા પોકારી ગયા



દામનગર શહેરમાં શહેરી સંકુલના આંતરિક રસ્તાઓ અતિ બિસ્માર હાલતમાં સ્મશાન સામેથી હજીરાધાર તરફ જતા ડામર રોડ રસ્તાની વચ્ચે પાળા ચડી ગયેલ છે. આ રસ્તો અકસ્માત નોત્તરે તે પહેલા સ્થાનિક પાલિકા તંત્ર એ રિપેરીગ કરવો જોઈએ એ ખુબ અવર–જવર વાળા હીરા ઉદ્યોગથી ધમધમતા વિસ્તાર તેમજ ધામેલ હજીરાધાર સહિતના ગ્રામ્ય વિસ્તાર ઉપરાંત સ્મશાન તરફ જતા રસ્તાની હાલત અતિ બિસ્માર બની છે. કોઈ મોટો અકસ્માત સર્જાય તે પહેલા પાલિકા તંત્ર ને આબાદીત રસ્તા ઓનું યોગ્ય સમાર કામ કરવા રાહદારી ઓમાંથી માંગ ઉઠી રહી છે.

### લાલ કિલ્લાનો ઈતિહાસ અને વર્તમાન સમસ્યા

# લાલ કિલ્લો કાળો પડી રહ્યો છે, કારણ દિલ્હીની ઝેરી હવા

### ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI)એર મીટર જાડો કાળો થર દૂર કર્યો હતો પરંતુ પ્રદૂષણ આ સમસ્યામાં વધારો કરી રહ્યું છે

નવીદિલ્હી,તા.૧૬

યુનેસ્કો વર્લ્ડ હેરિટેજમાં સ્થાન મેળવનારો દિલ્હીનો લાલ કિલ્લો હાલ કાળો પડી રહ્યો છે. તેની લાલ દિવાલો હવે કાળી થઈ રહી છે. ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ પ્રકાશિત થયેલા એક નવા અભ્યાસમાં ખુલાસો થયો છે કે દિલ્હીની ઝેરી હવા લાલ કિલ્લાને કાળી બનાવી રહી છે. 'કેરેકટરાઈઝેશન ઓફ રેડ સેન્ડસ્ટોન એન્ડ બ્લેક ક્રસ્ટ ટુ એનાલાઈઝ એર પોલ્યુશન ઈમ્પેક્ટ્સ ઓન અ કલ્ચરલ હેરિટેજ બિલ્ડિંગઃ રેડ ફોર્ટ, દિલ્હી, ઈન્ડિયા' શીર્ષક હેઠળ રજૂ કરવામાં આવેલા અહેવાલમાં જાણવા મળ્યું છે કે, વાયુ પ્રદૂષણના કારણે આ સ્મારકને નુકસાન થઈ રહ્યું છે. લાલ કિલ્લો ૧૬૩૯માં શાહજહાં દ્વારા બનાવવામાં આવ્યો હતો, જેનું બાંધકામ ૧૬૪૮માં પૂર્ણ થયું હતું. તેનું નામ લાલ વિંધ્ય રેતીના પથ્થર પરથી આવ્યું છે, જે તેની વિશાળ દિવાલો (૨૦-૨૩ મીટર ઊંચી અને ૧૪ મીટર જાડી) અને મહેલોનો આધાર છે. ૧ ચોરસ વર્ગ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલા લાલ કિલ્લો તે ૨.૪ કિલોમીટર દિવાલોથી ઘેરાયેલું છે. ૨૦૦૭માં યુનેસ્કોએ તેને વર્લ્ડ હેરિટેજ પ્લેસ તરીકે જાહેર કર્યું હતું. પરંતુ આજે તેની દિવાલો પર કાળા પડ (કાળા પોપડા) બની રહ્યા છે. આ પોપડા આશ્રય વિસ્તારોમાં ૦.૦૫ મીમી પાતળા અને ટ્રાફિક વિસ્તારોમાં ૦.૫ મીમી જાડા છે. આ કિલ્લાની સૌંદર્યલક્ષી અને માળખાકીય અખંડિતતાને જોખમમાં મૂકે છે. ૨૦૧૮માં, ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI)એર મીટર જાડો કાળો થર દૂર કર્યો હતો. પરંતુ પ્રદૂષણ આ સમસ્યામાં વધારો કરી રહ્યું છે.

ભારતના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ તથા ઈટાલીના વિદેશ મંત્રાલયના સહયોગથી હાથ ધરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, પ્રદુષણના કારણે લાલ કિલ્લો કાળો પડી રહ્યો છે. આ અહેવાલ તૈયાર કરવામાં IIT રૂરકી, IIT કાનપુર, ફોસ્કરી યુનિવર્સિટી (વેનિસ) અને ASIના વૈજ્ઞાનિકોએ સહયોગ આપ્યો હતો. સંશોધકોએ કિલ્લાના વિવિધ ભાગો (જેમ કે ઝફર મહેલ) માંથી લાલ રેતીના પથ્થર અને કાળા પોપડાના નમૂના લીધા હતા. તેનું પ્રયોગશાળા પરીક્ષણ કરી રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો.

દિલ્હીમાં PM૨.૫, PM૧૦ અને NO૨ નું સ્તર રાષ્ટ્રીય ધોરણો (NAAQS) કરતા ૨.૫ ગણું વધુ છે. આના કારણે કિલ્લાની દિવાલો પર કાળા પોપડા પડી રહ્યા છે. અભ્યાસના મુખ્ય લેખક ગૌરવ કુમારે જણાવ્યું હતું કે પ્રદૂષણથી સાંસ્કૃતિક વારસાને થતા નુકસાનનો આ પહેલો વૈજ્ઞાનિક અભ્યાસ છે. જૂન ૨૦૨૫માં 'હેરિટેજ' જર્નલમાં પ્રકાશિત આ અભ્યાસ શહેરી પ્રદૂષણની અસર પર પ્રકાશ પાડે છે. લાલ કિલ્લાની દિવાલો લાલ રેતીના પથ્થરથી બનેલી છે,

જે મુખ્યત્વે સિલિકા (ક્વાર્ટઝ) અને આયર્ન ઓક્સાઈડથી બનેલી છે. આયર્ન ઓક્સાઈડ તેને લાલ રંગ આપે છે. પરંતુ દિલ્હીની ઝેરી હવા આ પથ્થરને નુકસાન પહોંચાડી રહી છે.

ભારે ધાતુઓની અસરઃ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે કાળા પોપડામાં ટાઈટેનિયમ, નિકલ, તાંબુ, જસત, બેરિયમ અને સીસું જેવી ભારે ધાતુઓ ખૂબ જ વધુ હોય છે. જે બાંધકામ પ્રવૃત્તિઓ, રસ્તાની ધૂળ અને ફેક્ટરીના ઉત્સર્જનમાંથી આવે છે. આ ધાતુઓ પથ્થરની સપાટી પર મજબૂત કાળો પડ બનાવે છે. દિવાલોને નબળી પાડે છે. ઉદાહરણ તરીકે, સીસું અને તાંબુ ઓક્સિડેશનથી કાળી ચમક ઉત્પન્ન કરે છે.

દિલ્હી વિશ્વના સૌથી પ્રદૂષિત શહેરો પૈકી એક છે. શિયાળામાં ધુમ્મસને કારણે PM સ્તર ૧૦ ગણું વધે છે.

ચાંદની ચોક અને કિલ્લાની આસપાસ જૂની દિલ્હીમાં ટ્રાફિક અને બાંધકામમાં વધુ પ્રદૂષણ થાય છે. અભ્યાસમાં CPCB ડેટાને જોડવામાં આવ્યો છે કે ૨૦૨૧-૨૦૨૩માં NO૨ અને PM સ્તર ધોરણોથી ઉપર હતા, જે જીપ્સમ પોપડાનું મુખ્ય કારણ છે.

---

# વિશ્વના ૬૦ મુસ્લિમ દેશોની ઈમરજન્સી બેઠક યોજાઇ

### ઇઝરાયેલના હમાસ પર હુમલા અંગે વાતચીત કરવામાં આવી હતી જેમાં UAEથી લઈને પાકિસ્તાનના PM સહિતના લોકોએ હાજરી આપી

નવીદિલ્હી,તા.૧૬

૧૫ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ કતારની રાજધાની દોહામાં ૬૦ મુસ્લિમ દેશોની ઈમરજન્સી બેઠક યોજાઈ હતી. જેમાં, ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોર્પોરેશન (OIC) ના સભ્ય દેશો અને આરબ દેશોએ બેઠકમાં હાજરી આપી હતી. OIC ની આ ઈમરજન્સી બેઠક કતારમાં ઈઝરાયેલી હુમલા અંગે યોજાઈ હતી, જેમાં તમામ દેશોને ઈઝરાયેલ સામે કાનૂની અને અસરકારક પગલાં લેવા અપીલ કરવામાં આવી હતી.

પાકિસ્તાની અખબાર ધ ડોનના અહેવાલ મુજબ, ગયા અઠવાડિયે ઈઝરાયેલે કતારમાં હમાસ નેતાઓને નિશાન બનાવ્યા હતા અને હુમલો કર્યો હતો. બેઠકમાં કહેવામાં આવ્યું હતું કે, આ અધિકારીઓ ગાઝા યુદ્ધવિરામ પ્રસ્તાવ પર ચર્ચા કરી રહ્યા હતા, પરંતુ ઈઝરાયેલે આ હુમલો કરીને તમામ પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા છે, તેથી તેની સામે કડક કાર્યવાહી કરવી જોઈએ. હમાસનું કહેવું છે કે, ઈઝરાયેલી હુમલામાં ૬ લોકો માર્યા ગયા છે. જોકે, હમાસના ટોચના અધિકારીઓ બચી ગયા છે.OIC દેશોએ સંયુક્ત નિવેદનમાં અપીલ કરી છે કે, દરેક વ્યક્તિએ ઈઝરાયેલ વિરુદ્ધ કાયદેસર અને કડક પગલાં લેવાની જરૂર છે, અને બધા દેશોએ તેની સાથેના તેમના રાજદ્વારી અને આર્થિક સંબંધો પર પણ ધ્યાન આપવું જોઈએ, કારણ કે તે લગભગ બે વર્ષથી પેલેસ્ટિનિયનો પર હુમલો કરી રહ્યું છે. આ દેશોએ સંયુક્ત રાષ્ટ્રમાં ઈઝરાયેલનું સભ્યપદ સમાપ્ત કરવા માટે પ્રયાસો કરવાની પણ અપીલ કરી છે. બેઠકનો હેતુ ઈઝરાયેલ પર દબાણ લાવવાનો હતો, જેથી ગાઝામાં તેના ચાલી રહેલા હુમલાઓને રોકી શકાય.

બેઠકમાં ૬૦ દેશોના વડાપ્રધાનો અને રાષ્ટ્રપતિઓએ હાજરી આપી હતી, પરંતુ સંયુક્ત આરબ અમીરાત, બહેરીન અને મોરોક્કોએ બેઠક માટે પોતાના પ્રતિનિધિઓ મોકલ્યા હતા. આ ત્રણ દેશોએ પાંચ વર્ષ પહેલાં ઈઝરાયેલને અબ્રાહમ કરાર હેઠળ માન્યતા આપી હતી. આ ઉપરાંત, કતાર, ઈજિપ્ત અને જોર્ડન પણ તેને માન્યતા આપનારા દેશોમાં સામેલ છે.

ઈઝરાયેલનું UN સભ્યપદ સમાપ્ત કરવાની અપીલકતારના અમીર શેખ તમીમ બિન હમાદ અલ થાનીએ કહ્યું કે, યુદ્ધવિરામની વાત કરી રહેલા હમાસ વાતચીત કરનારાઓ પર હુમલો કરીને ઈઝરાયેલે સાબિત કર્યું છે કે, તેનો યુદ્ધવિરામનો ઈરાદો નથી. આરબ દેશોને ચેતવણી આપતા અમીરે એમ પણ કહ્યું કે, ઈઝરાયેલે કતારમાં હમાસના અધિકારીઓ પર હુમલો કરીને ગાઝા પરની વાતચીતને પાટા પરથી ઉતારવાનો પ્રયાસ કર્યો છે અને ઈઝરાયેલી પીએમ બેન્જામિન નેતન્યાહૂ અરબને ઈઝરાયેલી પ્રદેશમાં ફેરવવાનું સ્વપ્ન જોઈ રહ્યા છે, જે એક ખતરનાક બાબત છે.

કતારના અમીર શેખ તમીમ બિન હમાદ અલ થાનીએ કહ્યું કે, યુદ્ધવિરામની વાત કરી રહેલા હમાસ વાતચીત કરનારાઓ પર હુમલો કરીને ઈઝરાયેલે સાબિત કર્યું છે કે, તેનો યુદ્ધવિરામનો ઈરાદો નથી. આરબ દેશોને ચેતવણી આપતા અમીરે એમ પણ કહ્યું કે, ઈઝરાયેલે કતારમાં હમાસના અધિકારીઓ પર હુમલો કરીને ગાઝા પરની વાતચીતને પાટા પરથી ઉતારવાનો પ્રયાસ કર્યો છે અને ઈઝરાયેલી પીએમ બેન્જામિન નેતન્યાહૂ અરબને ઈઝરાયેલી પ્રદેશમાં ફેરવવાનું સ્વપ્ન જોઈ રહ્યા છે, જે એક ખતરનાક બાબત છે.

બાદમાં, શેખ તમીમ બિન હમાદ અલ થાનીએ પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરીને કહ્યું કે, 'આજે દોહામાં યોજાયેલ ઈમરજન્સી આરબ-ઈસ્લામિક સમિટ આપણા ક્ષેત્રમાં ઈઝરાયેલી આતંકવાદ સામે એક મજબૂત સંદેશ છે અને તેના પરિણામો આપણા સામૂહિક પ્રયાસોને વધુ તીવ્ર બનાવવા, આપણા દેશોની સ્થિતિનું સંકલન કરવા અને આપણા વલણ અને અવાજને એક કરવામાં અસરકારક રીતે ફાળો આપશે.'

બાદમાં, શેખ તમીમ બિન હમાદ અલ થાનીએ પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરીને કહ્યું કે, 'આજે દોહામાં યોજાયેલ ઈમરજન્સી આરબ-ઈસ્લામિક સમિટ આપણા ક્ષેત્રમાં ઈઝરાયેલી આતંકવાદ સામે એક મજબૂત સંદેશ છે અને તેના પરિણામો આપણા સામૂહિક પ્રયાસોને વધુ તીવ્ર બનાવવા, આપણા દેશોની સ્થિતિનું સંકલન કરવા અને આપણા વલણ અને અવાજને એક કરવામાં અસરકારક રીતે ફાળો આપશે.'

બેઠકમાં કોણે હાજરી આપી?આરબ-ઈસ્લામિક સમિટમાં સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન, પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ, ઈરાનના પ્રમુખ મોસાદ પેઝેશ્કિયાન, ઈરાકી વડા પ્રધાન મોહમ્મદ સિયાહ અલ-સુદાની, તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન અને પેલેસ્ટાઈનના રાષ્ટ્રપતિ મોહમ્મદ અબ્બાસ પણ હાજર રહ્યા હતા.આરબ-ઈસ્લામિક સમિટમાં સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન, પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ, ઈરાનના પ્રમુખ મોસાદ પેઝેશ્કિયાન, ઈરાકી વડા પ્રધાન મોહમ્મદ સિયાહ અલ-સુદાની, તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન અને પેલેસ્ટાઈનના રાષ્ટ્રપતિ મોહમ્મદ અબ્બાસ પણ હાજર રહ્યા હતા.

ઈરાની રાષ્ટ્રપતિ મોસાદ પેઝેશ્કિયાને કહ્યું કે, કાલે અરબ કે અન્ય કોઈપણ ઈસ્લામિક દેશ સામે આવી શકે છે, જેમ જુલાઈમાં ઈરાન સાથે થયું હતું. જ્યારે ઈઝરાયલ સાથે તેનું યુદ્ધ લગભગ ૧૨ દિવસ ચાલ્યું હતું. ઈરાને અગાઉ પણ મુસ્લિમ દેશોને ઈઝરાયલ સાથેના તમામ સંબંધોનો અંત લાવવાની અપીલ કરી છે.

---

### લાલ કિલ્લા પરથી ડેમોગ્રાફી મિશનની જાહેરાત કરી

# પીએમ મોદીએ બિહારમાં રૂ. ૩૬,૦૦૦ કરોડના પ્રોજેક્ટના ઉદ્ઘાટન-શિલાન્યાસ કર્યા

### બિહારના પૂર્ણિયામાં રેલીને સંબોધતા મોદીએ કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા

પટણા,તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દાવો કર્યો હતો કે બિહાર, આસામ અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં ગેરકાયદે વસાહતીઓને કારણે સ્થાનિક લોકો પોતાની માતાઓ બહેનોની સુરક્ષાને લઈને ચિંતામાં મુકાયા છે. જ્યારે બીજી તરફ વિરોધી પક્ષો ગેરકાયદે વસાહતીઓને રક્ષણ આપી રહ્યા છે. બિહારના પૂર્ણિયામાં રેલીને સંબોધતા મોદીએ કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા. સાથે તેમણે ૩૬,૦૦૦ કરોડના પ્રોજેક્ટ ખુલ્લા મુક્યા હતા.મોદીએ દાવો કર્યો હતો કે કોંગ્રેસ બિહારના નાગરિકોની સરખામણી બીડી સાથે કરી રહી છે જે બિહારીઓ માટે અપમાન સમાન છે. ઘુસણખોરીને કારણે દેશના પૂર્વના હિસ્સામાં વસ્તી વિષયક સંકટ પેદા થઈ રહ્યું છે. આસામ, બિહાર, બંગાળના નાગરિકોને ચિંતામાં મુકાયા છે. જેને કારણે જ મે લાલ કિલ્લા પરથી ડેમોગ્રાફી મિશનની જાહેરાત કરી હતી. પરંતુ કોંગ્રેસ, આરજેડી અને તેના સંપૂર્ણ ઈકોસીસ્ટમે મતબેંકના રાજકારણ માટે વિદેશી ઘુસણખોરોને બચાવવાનું શરૂ કરી દીધું. વડાપ્રધાને વધુમાં કહ્યું હતું કે ઘુસણખોરો પર આકરી કાર્યવાહી કરવામાં આવશે અને દેશને તેમના ફળ મળશે. વોટચોરીના વિરોધી પક્ષોના આરોપોને લઈને જવાબ આપતા મોદીએ કહ્યું હતું કે જનતા કોંગ્રેસ અને આરજેડીને યોગ્ય જવાબ આપશે. પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે કોંગ્રેસે સ્વીકાર કર્યો હતો કે સરકાર દ્વારા એક રૂપિયો ખર્ચ કરાય છે તેમાં માત્ર ૧૫ પૈસા જ લોકો સુધી પહોંચે છે. બાકીના ૮૫ પૈસા પંજો ખાઈ જતો હતો. બિહારમાં ચૂંટણી માટે ગમે ત્યારે તારીખો જાહેર થઈ શકે છે. આ સ્થિતિ વચ્ચે હાલ કોંગ્રેસ, આરજેડી રેલીઓ યોજી રહ્યા છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ પ્રચાર શરૂ કરી દીધો છે. સાથે જ મોદીએ બિહારના પૂર્ણિયા એરપોર્ટના નવા ટર્મિનલનું ઉદ્ઘાટન કર્યું હતું.

---

### પર્યટન સ્થળ સહસ્ત્રધારામાં તારાજી

# ઉત્તરાખંડને ફરી એકવાર કુદરતનો માર પડ્યો

### સહસ્ત્રધારના કાર્લીગઢ વિસ્તારમાં ભારે વરસાદને કારણે રાત્રે ૧૧:30 વાગ્યાની આસપાસ વાદળ ફાટવાથી લોકો ગભરાઈ ગયા

દેહરાદૂન,તા.૧૬

ઉત્તરાખંડના દહેરાદૂનમાં સહસ્ત્રધારા કાર્લીગાડ વિસ્તારમાં સોમવારે (૧૫ સપ્ટેમ્બર) વહેલી સવારે ૫ વાગ્યે વાદળ ફાટવાથી અનેક દુકાનો વહી ગઈ હતી. જોકે, આ ઘટનામાં એક વ્યક્તિનું મોત નિપજ્યું છે અને. બે લોકો ગુમ હોવાના અહેવાલ મળ્યા છે. અહીં સતત રેસ્ક્યુ અને બચાવ કામગીરી શરૂ છે. તંત્ર મોડી રાતથી અહીં લોકોની મદદ માટે પહોંચી ગયું છે. SDRF, NDRF અને સ્થાનિક વહીવટીતંત્ર રાહત અને બચાવ કાર્યમાં રોકાયેલા છે. વડાપ્રધાન મોદી અને ગૃહ મંત્રીએ ફોન પર મુખ્યમંત્રી સાથે વાત કરી પરિસ્થિતિનો તાગ મેળવ્યો અને શક્ય તમામ મદદ પહોંચાડવાની ખાતરી આપી છે. ઉત્તરાખંડને ફરી એકવાર કુદરતનો માર સહન કરવો પડી રહ્યો છે. સહસ્ત્રધારના કાર્લીગઢ વિસ્તારમાં ભારે વરસાદને કારણે રાત્રે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ વાદળ ફાટવાથી લોકો ગભરાઈ ગયા હતા. વાદળ ફાટવાથી ૨-૩ મોટી હોટલોને નુકસાન થયું છે, જ્યારે બજારમાં બનેલી ૭-૮ દુકાનો ધરાશાયી થઈ ગઈ છે.લગભગ ૧૦૦ જેટલા લોકો ઘટનાસ્થળે ફસાયા હતા જેમને ગ્રામજનોએ જાતે જ રેસ્ક્યુ કરીને બચાવી લીધા હતા. વાદળ ફાટવાની માહિતી મળતાની સાથે જ જિલ્લા વહીવટી તંત્રએ રાહત અને બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. વાદળ ફાટવાની જગ્યાની નજીક રહેતા લોકોને સુરક્ષિત જગ્યાએ ખસેડવામાં આવી રહ્યા છે. SDRF, NDRF, જાહેર બાંધકામ વિભાગે રાત્રે જ કામ શરૂ કરી દીધું હતું. આ ઘટનામાં બે લોકો ગુમ થયા હોવાના અહેવાલ છે.ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેક્રેટરી વિનોદ કુમાર સુમને જણાવ્યું હતું કે, 'દહેરાદૂનના સહસ્ત્રધાર અને માલ દેવતા તેમજ મસૂરીથી પણ નુકસાનના અહેવાલો મળી રહ્યા છે. દહેરાદૂનમાં બે થી ત્રણ લોકો ગુમ થયાના અહેવાલ છે. મસૂરીમાં એક વ્યક્તિના મૃત્યુના સમાચાર છે, જેની પુષ્ટિ થઈ રહી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં ટીમો રાહત અને બચાવ કાર્યમાં રોકાયેલી છે, જ્યારે ૩૦૦ થી ૪૦૦ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે.'ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ જણાવ્યું હતું કે, 'મોડી રાત્રે દહેરાદૂનના સહસ્ત્રધારામાં ભારે વરસાદને કારણે કેટલીક દુકાનોને નુકસાન થયાના દુઃખદ સમાચાર મળ્યા છે. જિલ્લા વહીવટીતંત્ર, SDRF, પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગયા છે અને રાહત તેમજ બચાવ કામગીરીમાં રોકાયેલા છે. હું આ સંદર્ભે સતત સ્થાનિક વહીવટીતંત્ર સાથે સંપર્કમાં છું અને પોતે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યો છું. હું દરેકની સલામતી માટે ભગવાનને પ્રાર્થના કરું છું.'વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી સાથે ફોન પર વાત કરી અને ઉત્તરાખંડમાં ભારે વરસાદને કારણે ઉભી થયેલી પરિસ્થિતિ વિશે વિગતવાર માહિતી મેળવી. વડાપ્રધાન અને ગૃહમંત્રીએ રાજ્યને શક્ય તમામ સહાયની ખાતરી આપી અને કહ્યું કે આ આફતની ઘડીમાં કેન્દ્ર સરકાર રાજ્યની સાથે મજબૂતીથી ઉભી છે.દહેરાદૂનમાં આ દુર્ઘટના બાદ, જિલ્લા વહીવટીતંત્ર એલર્ટ મોડ પર છે. IRS સિસ્ટમ સાથે જોડાયેલા વિભાગો પણ સક્રિય થઈ ગયા છે. મંગળવારે સવારથી દહેરાદૂનમાં ગાજવીજ અને વીજળી સાથે ભારે વરસાદ શરૂ થયો છે. વરસાદને કારણે, આઈટી પાર્ક નજીક મોટા પ્રમાણમાં કાટમાળ ધસી ગયો હતો, જેના કારણે સોંગ નદીનું પાણીનું સ્તર ખૂબ વધી ગયું છે. પોલીસે નદીકાંઠે રહેતા લોકોને ચેતવણી આપી છે અને તેમને સુરક્ષિત સ્થળોએ જવા કહ્યું છે. બીજી બાજુ, મસૂરીમાં પણ મુશળધાર વરસાદને કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. ભારે વરસાદને કારણે, મસૂરી દેહરાદૂન પાની વાલા બેન્ડ પાસે ભૂસ્ખલન થવાથી માર્ગ બંધ થઈ ગયો છે.

દહેરાદૂનનાં માલદેવતા નજીક સોંગ નદીનું વિકરાળ સ્વરૂપ જોવા મળી રહ્યું છે. નદી બેકાબૂ ગતિએ વહી રહી છે, પુલ તૂટી પડ્યા છે. હવામાનને ધ્યાનમાં રાખીને, આજે ધોરણ ૧ થી ધોરણ ૧૨ સુધીની બધી શાળાઓ બંધ કરવામાં આવી છે. આ સિવાય ઋષિકેશમાં પણ ચંદ્રભાગા નદીમાં પૂર આવ્યું છે. પાણી હાઈવે સુધી પહોંચી ગયું છે. ઘણા વાહનો અને લોકો નદીના પ્રવાહમાં ફસાઈ ગયા છે. SDRF ટીમે ચંદ્રભાગા નદીમાંથી ત્રણ લોકોને બચાવ્યા છે.તપકેશ્વર મહાદેવ મંદિરના પરિસરમાં ૧-૨ ફૂટ કાટમાળ જમા થયો હતો. મંદિર વિસ્તારમાં ભારે નુકસાન થયું હતું. આઈટી પાર્ક દેહરાદૂન પાસે રસ્તાઓ પર વાહનો રમકડાંની જેમ તરતા જોવા મળ્યા હતા.

---

### ટ્રમ્પ સાથે કરશે મુલાકાત

# ભારત સાથે તણાવભર્યા સંબંધો વચ્ચે પાકિસ્તાની PM અમેરિકા જશે

### ન્યૂયોર્કમાં આ મહિનાના અંતે યોજાનારા યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીના સેશનમાં ટ્રમ્પ અને શરીફ મુલાકાત કરશે

નવીદિલ્હી,તા.૧૬

ભારત સાથે વેપાર સંબંધો બગાડ્યા બાદ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પાકિસ્તાન સાથે સંબંધો સુધારવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેઓ આ મહિનાના અંતે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથે મહત્ત્વની બેઠક કરવાના છે. આ મુલાકાતમાં પાકિસ્તાનના આર્મી ચીફ અને ફિલ્ડ માર્શલ આસિમ મુનીર પણ સામેલ થશે. આ બેઠક ન્યૂયોર્કમાં યોજાવાની છે.

ન્યૂયોર્કમાં આ મહિનાના અંતે યોજાનારા યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીના સેશનમાં ટ્રમ્પ અને શરીફ મુલાકાત કરશે. આ સેશનમાં પહેલાં જુલાઈમાં વક્તાઓની યાદીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નામ સામેલ હતું. પરંતુ હવે વિદેશ મંત્રી એસ. જયશંકરને ભારતના પ્રતિનિધિત્વ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. વૈશ્વિક મંચ પર પાકિસ્તાન અને અમેરિકાની આ બેઠક મહત્ત્વની ગણાશે.

પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ આ વર્ષે યુએન જનરલ એસેમ્બલીના સેશનમાં ભાગ લેવા અમેરિકા પહોંચાડશે. સૂત્રો અનુસાર, ૨૫ સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન શરીફ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે એક મહત્ત્વપૂર્ણ દ્વિપક્ષીય બેઠક કરી શકે છે. આ મુલાકાતમાં પાકિસ્તાનના આર્મી ચીફ અને ફિલ્ડ માર્શલ આસિમ મુનીર પણ સામેલ થશે. બંને નેતાઓ વચ્ચે બહાવલપુર હુમલો, પાકિસ્તાનમાં પૂર અને કતારમાં ઈઝરાયલના હુમલાની અસર જેવા મુદ્દાઓ પર ચર્ચા થશે.

આ વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી યુએન જનરલ એસેમ્બલીના સેશનની ઉચ્ચ સ્તરીય બેઠકમાં ભાગ લેશે નહીં. તેમના સ્થાને ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર અમેરિકા જશે. યુએન જનરલ એસેમ્બલીનું ૮૦મું સત્ર ૯ સપ્ટેમ્બરથી શરૂ થયું છે અને ૨૩ થી ૨૯ સપ્ટેમ્બર સુધી ચાલશે. બ્રાઝિલના નેતા પ્રથમ વક્તા તરીકે સંબોધન કરશે, ત્યારબાદ ૨૩ સપ્ટેમ્બરે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વૈશ્વિક નેતાઓને સંબોધન કરશે. ભારત વતી, વિદેશ મંત્રી જયશંકર ૨૭ સપ્ટેમ્બરે સત્રને સંબોધન કરશે.

અગાઉ, ૧૮ જૂન ૨૦૨૫ના રોજ વ્હાઈટ હાઉસ ખાતે પાકિસ્તાન આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીર અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે બંધ બારણે બેઠક યોજાઈ હતી. યુએસ ઈતિહાસમાં આ પહેલી વાર હતું જ્યારે કોઈ પાકિસ્તાની લશ્કરી અધિકારીને આ સ્તરે કોઈ નાગરિક પ્રતિનિધિ વિના આમંત્રણ આપવામાં આવ્યું હતું.

---

### હાલમાં સીસીટીવી કેમેરાને લઈને મોટો વિવાદ ચાલી રહ્યો છે

# રાજસ્થાનમાં કોંગ્રેસની મહિલા ધારાસભ્યોના આક્ષેપ બાદ ઘમસાણ

### આ પ્રકારની બારીકાઈથી નજર રાખવી એ તેમની ગોપનીયતાનું સીધું ઉલ્લંઘન છે

રાજસ્થાન,તા.૧૬

રાજસ્થાન વિધાનસભામાં હાલમાં સીસીટીવી કેમેરાને લઈને મોટો વિવાદ ચાલી રહ્યો છે. કોંગ્રેસના મહિલા ધારાસભ્યોએ આરોપ લગાવ્યો છે કે સ્પીકર વાસુદેવ દેવનાની તેમના ચેમ્બરમાંથી કેમેરા દ્વારા તેમના પહેરવેશ અને બેસવા પર નજર રાખી રહ્યા છે. તેમનું કહેવું છે કે આ પ્રકારની બારીકાઈથી નજર રાખવી એ તેમની ગોપનીયતાનું સીધું ઉલ્લંઘન છે.

રાજસ્થાન વિધાનસભામાં સદનમાં બે વધારાના કેમેરા લગાવવાનો મુદ્દો હવે મહિલા ધારાસભ્યોની ગોપનીયતા પર નજર રાખવા સુધી પહોંચી ગયો છે. કોંગ્રેસના મહિલા ધારાસભ્યો રીટા બરબડ અને શિમલા નાયકે આરોપ લગાવ્યો છે કે સ્પીકર આ કેમેરાથી ચેમ્બરમાંથી તેમના કપડાં અને બેસવા પર નજર રાખી રહ્યા છે, જે તેમની ગોપનીયતાનું સીધું ઉલ્લંઘન છે.

બીજી તરફ, ભજનલાલ સરકારે કોંગ્રેસની આ વિચારસરણીને જ તુચ્છ અને ગંદી ગણાવી છે. તેમણે કહ્યું કે, 'જે પાર્ટીના નેતાઓ અને મંત્રીઓ ભંવરી દેવી દુષ્કર્મ કેસમાં ફસાયેલા છે, તે સ્પીકર પર સવાલ ઉઠાવી રહી છે!'રાજસ્થાન વિધાનસભામાં હવે બે વધારાના સીસીટીવી કેમેરા લગાવવાને કારણે મોટો વિવાદ ઊભો થયો છે. જોકે, સદનમાં રોજિંદા કામકાજની રેકોર્ડિંગ માટે પહેલાથી જ કેમેરા લાગેલા છે, જેનું યુટ્યુબ પર સીધું પ્રસારણ થાય છે. આ નવા કેમેરાના કારણે કોંગ્રેસના મહિલા ધારાસભ્યો અને નેતાઓ ભાજપ સરકાર પર પ્રહારો કરી રહ્યા છે.

કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ ગોવિંદ સિંહ ડોટાસરાએ જણાવ્યું કે, 'સ્પીકરે મહિલાઓની જાસૂસી કરવી ન જોઈએ.' વિપક્ષના નેતા ટીકારામ જૂલીએ તો એવો પણ દાવો કર્યોછે કેતેમની પાસેરેકોર્ડિંગ છેજેસાબિત કરેછે કેસ્પીકર તેમના ચેમ્બરમાંથી જાસૂસી કરી રહ્યા છે.

આ મામલે વિપક્ષના નેતા ટીકારામ જૂલીએ જણાવ્યું કે તેમની પાસે વિધાનસભા અધ્યક્ષના રૂમની મોબાઈલ રેકોર્ડિંગ છે, જેમાં સ્પષ્ટપણે જણાય છે કે સીસીટીવીનો એક્સેસ તેમની પાસે જ છે. સદનમાં૯ કેમેરા લાગેલા છે, જેનુંલાઈવ રેકોર્ડિંગ દર્શાવવામાં આવે છે. અચાનક ૨ નવા કેમેરા લગાવવામાં આવ્યા છે, જેનો ઉપયોગ માત્ર વિપક્ષની જાસૂસી માટે જ થઈ રહ્યો છે. આશરે ૧૮ લાખની કિંમતના આ કેમેરા સદનમાં લગાવવામાં આવ્યા છે, જેનું કામ માત્ર સદનમાં વિપક્ષની જાસૂસી કરવાનું છે.

---

# સુપ્રીમ કોર્ટે SIR પર ચુકાદો આપતા આધાર કાર્ડને માન્ય દસ્તાવેજોની યાદીમાં સામેલ કર્યું

નવીદિલ્હી,તા.૧૬

બિહારમાં ચૂંટણીઓ નજીક આવતા, સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પરની ચર્ચા તેજ બની છે. સુપ્રીમ કોર્ટે SIR પર ચુકાદો આપતા આધાર કાર્ડને માન્ય દસ્તાવેજોની યાદીમાં સામેલ કર્યું હતું.આ નિર્ણય સામે કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી હતી, જેમાં દાવો કરાયો હતો કે નકલી આધાર કાર્ડનો ઉપયોગ નાગરિકતા સાબિત કરવા માટે થઈ શકે છે. જોકે, સુપ્રીમ કોર્ટે આ અરજીને ફગાવી દીધી અને સ્પષ્ટતા કરી કે અન્ય દસ્તાવેજો પણ નકલી બનાવી શકાય છે, માત્ર આધાર કાર્ડ જ નહી.

અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે લોકો નકલી આધાર કાર્ડ બનાવીને નાગરિકતા સાબિત કરી શકે છે. આના પર સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે આધાર કાર્ડ ઉપરાંત અન્ય દસ્તાવેજો પણ નકલી બનાવી શકાય છે.

સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમલય બાગચીની બેન્ચે અરજી પર સુનાવણી કરી. કોર્ટના જણાવ્યા અનુસાર, 'રેશન કાર્ડ અને ડ્રાઈવિંગ લાઈસન્સ જેવા દસ્તાવેજો પણ નકલી હોઈ શકે છે. આવી સ્થિતિમાં, ફક્ત આધાર કાર્ડને જ અલગ દ્રષ્ટિકોણથી ન જોવું જોઈએ.' સુપ્રીમ કોર્ટના જણાવ્યા અનુસાર, 'ડ્રાઈવિંગ લાઈસન્સ નકલી હોઈ શકે છે, રેશન કાર્ડ પણ નકલી હોઈ શકે છે. અન્ય દસ્તાવેજો પણ નકલી બનાવી શકાય છે. આધારનો ઉપયોગ કાયદા દ્વારા નિર્ધારિત મર્યાદા સુધી જ થવો જોઈએ.'

બિહાર ચૂંટણી પહેલા SIR પ્રક્રિયા હેઠળ, ચૂંટણી પંચે નાગરિકતા સાબિત કરવા માટે ૧૧ દસ્તાવેજોની યાદી બહાર પાડી હતી, જેમાં આધાર કાર્ડનો સમાવેશ થતો નહોતો. આના પર નિર્ણય આપતા, સુપ્રીમ કોર્ટે આધાર કાર્ડને ૧૨મા દસ્તાવેજ તરીકે માન્યતા આપવાનો આદેશ આપ્યો હતો.સુપ્રીમ કોર્ટના આ નિર્ણય વિરુદ્ધ અરજી દાખલ કરીને કહેવામાં આવ્યું હતું કે નકલી આધાર કાર્ડ બનાવીને લોકો આ જોગવાઈનો દુરુપયોગ કરી શકે છે. આધારને નાગરિકતાના પુરાવા તરીકે ગણી શકાય નહીં. કોર્ટે ૮ સપ્ટેમ્બરે કહ્યું હતું કે ચૂંટણી પંચે નોટિસ જારી કરીને આધારને માન્ય ઓળખ કાર્ડ તરીકે સ્વીકારવા કહ્યું હતું.

---

# ન્યૂયોર્ક ટાઇમ્સ સામે ટ્રમ્પનો ૧૫ અબજ ડોલરનો કેસ

ન્યૂયોર્ક ,તા.૧૬

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ન્યૂયોર્ક ટાઈમ્સ અખબાર અને તેના ચાર પત્રકારો વિરુદ્ધ માનહાનિનો દાવો કર્યો છે. અખબારે ધનિક ફાયનાન્સર જેફરી એપસ્ટીન સાથે ટ્રમ્પના સંબંધો મુદ્દે રિપોર્ટ પ્રકાશિત કરતાં માનહાનિનો દાવો કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. ટ્રમ્પે પોતે આ અંગે જાણકારી આપી હતી.

ટ્રમ્પે ગઈકાલે સોમવારે કોર્ટ સમક્ષ પુરાવા રજૂ કરતાં ન્યૂયોર્ક ટાઈમ્સ અને તેના ચાર પત્રકારો વિરુદ્ધ ૧૫ અબજ ડૉલરનો માનહાનિનો દાવો કરતાં કેસ દાખલ કર્યો છે. તેમણે ફરિયાદમાં કહ્યું હતું કે, આ અખબાર સૌથી ખતરનાક છે. અખબારે બેદરકારીપૂર્વક ખોટી રીતે નિવેદનો પ્રકાશિત કર્યા છે. તેમણે સત્ય જાણ્યા વિના જ નિવેદનોને ખોટી રીતે રજૂ કર્યા છે. ઉલ્લેખનીય છે, ન્યૂયોર્ક ટાઈમ્સે આ મામલે હજી સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી. ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટૂથ સોશિયલ પર પોસ્ટ કરી ન્યૂયોર્ક ટાઈમ્સ પર જૂઠું બોલવા અને તેમને બદનામ કરવાનો આરોપ મૂક્યો હતો. તેમણે ન્યૂયોર્ક ટાઈમ્સ પર રેડિકલ લેફ્ટ ડેમોક્રેટ પાર્ટીનું એક આભાસી મુખપત્ર બન્યું હોવાનો આક્ષેપ પણ કર્યો હતો. ટ્રમ્પે અન્ય મીડિયા સંસ્થાઓ પર પણ પ્રહાર કર્યા હતાં. જેમાં જુલાઈમાં ધ વોલ સ્ટ્રીટ જર્નલ અને મીડિયા કારોબારી રુપર્ટ મર્ડોક વિરુદ્ધ ૧૦ અબજ ડૉલરનો માનહાનિનો દાવો નોંધ્યો હતો.

ટ્રમ્પે આગળ કહ્યું કે, વિવિધ મીડિયા સંસ્થા અવારનવાર મને ટાર્ગેટ બનાવી રહ્યા છે. ધ ટાઈમ્સ તમારા લોકપ્રિય પ્રમુખ (મારા), મારા પરિવાર, બિઝનેસ, અમેરિકા ફર્સ્ટ મુવમેન્ટ, એમએજીએ અને આખા દેશ વિશે જૂઠાણું ફેલાવવા દાયકાઓ જૂની રીત અપનાવી રહ્યું છે. હું અખબારને જવાબદાર ઠેરવી રહ્યો છું. જે રીતે આ મીડિયાએ અન્ય મીડિયા સંસ્થાઓ વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યા હતા.

તેનું સમાધાન રેકોર્ડ રકમમાં થયુ હતું. આ જાહેરાત ટ્રમ્પે અખબાર પર યૌન રુપે અશ્લીલ નોટ અને એપસ્ટીનથી કથિત રુપે જોડાયેલા એક ચિત્રના રિપોર્ટિંગ બદલ કેસ કરવાની ધમકી આપ્યાના એક અઠવાડિયા બાદ થઈ છે. ટ્રમ્પે હાલમાં જ હાઉસ ડેમોક્રેટ્સ દ્વારા જાહેર એપસ્ટીનમાં લખેલા કથિત બર્થડે મેસેજ કરવાનો ઈન્કાર કર્યો છે. પત્રકારો સાથે વાતચીતમાં ટ્રમ્પે કહ્યું હતું કે, આ મારી સિગ્નેચર નથી, આ મારી બોલચાલની ભાષા નથી. જે લોકો મને લાંબા સમયથી કવર કરી રહ્યા છે, તે જાણે છે કે, આ મારી ભાષા નથી.

---

### મહારાષ્ટ્રને લઈ સુપ્રીમ કોર્ટનો મોટો ચુકાદો

# ૩૧ જાન્યુઆરી સુધીમાં તમામ નગર નિગમ અને પંચાયતની ચૂંટણી કરાવવા નિર્દેશ આપ્યો

### જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્ય બાગચીની પીઠે ૬ મેના રોજ આપેલા પૂર્વ આદેશના અનુપાલનમાં રાજ્ય ચૂંટણી પંચની ધીમી કાર્યવાહી પર અસંતોષ વ્યક્ત કર્યો

નવી દિલ્હી,તા.૧૬

સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્રમાં તમામ સ્થાનિક સ્વરાજની ચૂંટણી ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ સુધી કરાવવાનો નિર્દેશ આપ્યો છે. ત્યાર બાદ હવે કોઈ વિસ્તાર થશે નહીં. સુપ્રીમ કોર્ટે મંગળવારે આ પણ નિર્દેશ આપ્યો કે સીમાંકનની પ્રક્રિયા ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ સુધી પૂરી થઈ જવી જોઈએ અને તેને ચૂંટણી ટાળવાનો આધાર બનાવી શકાય નહીં.જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્ય બાગચીની પીઠે ૬ મેના રોજ આપેલા પૂર્વ આદેશના અનુપાલનમાં રાજ્ય ચૂંટણી પંચની ધીમી કાર્યવાહી પર અસંતોષ વ્યક્ત કર્યો. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે, જિલ્લા પરિષદો, પંચાયત સમિતિઓ અને તમામ નગર પાલિકાઓની ચૂંટણી ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ સુધી કરાવવી ફરજિયાત છે.રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી ટાળવાના કારણોમાં ઈવીએમની કમી, બોર્ડ પરીક્ષાના કારણો સ્કૂલો ન મળવી અને કર્મચારીઓની તૈનાતીમાં મોડું થવાનું કારણ બતાવ્યું. કોર્ટે કહ્યું કે, માર્ચ ૨૦૨૬માં થનારી બોર્ડ પરીક્ષાઓ ચૂંટણી ટાળવાનો આધાર બની શક્તિ નથી અને SEC સમય પર નિર્દેશોનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યા છે.

### શંકાના આધારે આ દરોડા પાડવામાં આવ્યા

# રાજકોટ અને મોરબીમાં વહેલી સવારથી ૪૦ સ્થળો પર ITના દરોડા

## ૧૫૦થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓનો કાફલો વિવિધ વેપારીઓ, બિલ્ડરો અને ઉદ્યોગપતિઓના સ્થળો પર ત્રાટક્યો છે

રાજકોટ ,તા.૧૬

રાજકોટ અને મોરબીમાં આજે વહેલી સવારથી આવકવેરા વિભાગ દ્વારા મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ૧૫૦થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓનો કાફલો વિવિધ વેપારીઓ, બિલ્ડરો અને ઉદ્યોગપતિઓના સ્થળો પર ત્રાટક્યો છે. આ દરોડામાં મોરબીમાં લેવિસ સિરામિક ગ્રુપ સહિત ૪૦થી વધુ સ્થળોનો સમાવેશ થાય છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આવકવેરા વિભાગ દ્વારા મોટા પાયે કરચોરીની શંકાના આધારે આ દરોડા પાડવામાં આવ્યા છે. રાજકોટ અને મોરબીના જાણીતા વેપારીઓ અને બિલ્ડરો સહિતના એકમો પર આ કાર્યવાહી ચાલી રહી છે, જેના કારણે વેપારી આલમમાં ફફડાટ ફેલાઈ ગયો છે. આવકવેરા વિભાગની ટીમો વહેલી સવારે જ ઓપરેશન માટે રવાના થઈ હતી અને એકસાથે જુદા જુદા સ્થળો પર ત્રાટકી હતી. દરોડા દરમિયાન ટીમો દ્વારા મહત્વના દસ્તાવેજો, હાર્ડ ડિસ્ક અને અન્ય ડિજિટલ રેકોર્ડ્સની તપાસ કરવામાં આવી રહી છે. આવકવેરા વિભાગ દ્વારા આ ઓપરેશન અંગે કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી, પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં મોટા પાયે બેનામી સંપત્તિ અને કરચોરીના કિસ્સાઓનો પર્દાફાશ થવાની શક્યતા છે.

આ મેગા ઓપરેશનની કાર્યવાહી હજુ પણ ચાલુ છે અને વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે. આવકવેરા વિભાગની આ કાર્યવાહીથી કાળા નાણાં ધરાવતા લોકોમાં ગભરાટ જોવા મળી રહ્યો છે.

### નવરાત્રિના પહેલા નોરતે વરસાદનું વિઘ્ન

# ગુજરાતમાં ૬ દિવસની હવામાન વિભાગની આગાહી

## ૨૨ સપ્ટેમ્બર સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે, ત્યારે નવરાત્રિમાં ખેલૈયાઓને વરસાદનું વિઘ્ન નડી શકે છે

અમદાવાદ,તા.૧૬

ગુજરાતના છૂટાછવાયા વિસ્તારોમાં વરસાદી માહોલ યથાવત્ છે, ત્યારે હવામાન વિભાગે હજુ ૬ દિવસ વરસાદની આગાહી છે. ૨૨ સપ્ટેમ્બર સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે, ત્યારે નવરાત્રિમાં ખેલૈયાઓને વરસાદનું વિઘ્ન નડી શકે છે.

હવામાન વિભાગ મુજબ, આવતીકાલે બુધવાર(૧૭ સપ્ટેમ્બર) થી ૨૨ સપ્ટેમ્બર સુધી રાજ્યના ૨૮ જિલ્લામાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. આ દરમિયાન રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ૩૦-૪૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે.

રાજ્યમાં આગામી ૬ દિવસ હવામાન વિભાગે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. જેમાં મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ, અમદાવાદ, સુરેન્દ્રનગર, ગાંધીનગર, ખેડા, પંચમહાલ, અરવલ્લી, મહીસાગર, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદ, ભરુચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ મેઘગર્જના સાથે ધીમીધારે વરસાદ વરસી શકે છે.

### નીતિ આયોગના રિપોર્ટમાં એઆઇના ઉપયોગ પર ભાર

# એઆઈ દેશની જીડીપીમાં ૫૦૦થી ૬૦૦ અબજ ડોલરનો ઉછાળો લાવશે

## એઆઈ નોકરીઓનું સર્જન કરશે અને ભારત વૈશ્વિક એઆઈમાં ભારતનો ૧૦થી ૧૫ ટકા હિસ્સો હશે

નવી દિલ્હી, તા.૧૬

નીતિ આયોગના રિપોર્ટ મુજબ એઆઈ ૨૦૩૫ સુધીમાં ભારતની જીડીપીમાં ૫૦૦થી ૬૦૦ અબજ ડોલરનો ઉછાળો લાવી શકે છે. તેની સાથે એઆઈ અનેક નોકરીઓનું સર્જન પણ કરી શકે છે. આ બધુ દેશના બધા જ ઉદ્યોગો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને કેટલી ઝડપથી અને કેટલા અસરકારક રીતે અપનાવે તેના પર નિર્ભર છે. ઉલ્લેખનીય છે કે એઆઈને લઈને કેટલાય ભયસ્થાનો બતાવવામાં આવી રહ્યા છે.આ સંજોગોમાં નીતિ આયોગના રિપોર્ટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું અલગ જ ચિત્ર રજૂ કર્યુ છે. નીતિ આયોગના રિપોર્ટ વિકસિત ભારત માટે એઆઈમાં ઝડપી આર્થિક વૃદ્ધિના અવસર અંગે જણાવવામાં આવ્યું છે કે આગામી દાયકામાં એઆઈનો વ્યાપક ઉપયોગ વૈશ્વિક અર્થતંત્રમાં ૧૭ લાખ કરોડ ડોલરથી લઈને ૨૬ લાખ કરોડ ડોલરનો ફાળો આપી શકે છે.નાણાપ્રધાન નિર્મલા સીતારામને જણાવ્યું હતું કે ટેકનોલોજીકલ ઈનોવેશન્સની સાથે-સાથે તેના નિયંત્રણો પણ તેટલી જ ઝડપથી વૃદ્ધિ પામે તે જરુરી છે. તેમા પણ ખાસ કરીને એઆઈ ટેકનોલોજી પરનું નિયંત્રણ સામાન્ય લોકોના હિતને ધ્યાનમાં રાકીને કરાય તે જરૂરી છે. નિયંત્રણોએ પણ અત્યાધુનિક સંશોધનો સાથે તાલમેળ મિલાવવાની જરૂર છે. આપણને તેવા કોઈ નિયંત્રણોની જરૂર નથી, જે આખી ટેકનોલોજીને જ સાફ કરી નાખે. તેના બદલે આપણે ટેકનોલોજીના દુરુપયોગને નિયંત્રિત કરતા નિયંત્રણોની જરૂર છે. અહેવાલ મુજબ વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત જેવા ક્ષેત્રોમાં કર્મચારીઓની મોટી સંખ્યામાં હાજરી, ઝડપથી થતાં સંશોધન અને મજબૂત ડિજિટલ ક્ષમતા ભારતના પરિવર્તનમાં મહત્ત્વની હિસ્સેદાર બની શકે છે. ભારતને તેનાથી વૈશ્વિક એઆઈ મૂલ્યના ૧૦થી ૧૫ ટકા ફાયદો ઉઠાવવાની કે તેના હિસ્સેદાર બનવાની તક મળશે. આગામી દિવસોમાં વૈશ્વિક એઆઈ માર્કેટમાં ભારતના નામનો ડંકો વાગતો હોય તો આશ્ચર્ય નહીં થાય. નીતિ આયોગે જણાવ્યું હતું કે એઆઈ કેટલાય રુટિન કામોનું સ્થાન લઈ લેશે તે હકીકત છે. તેમા ક્લાર્ક, કેશિયર, વોઈસ સર્વિસ, ઓનલાઈન સર્વિસ, કસ્ટમર કેર વગેરેનો સમાવેશ થાય છે. તેની સામે એઆઈથી કેટલીય નવી નોકરીઓનું સર્જન થશે તે પણ હકીકત છે. મોટાપાયા પર આ નોકરીઓનું સર્જન થશે. આ ક્ષેત્રોનો જીડીપીમાં ૨૦થી ૨૫ ટકા ફાળો એઆઈના કારણે આવી શકે છે. જ્યારે ડિસઈન્વેસ્ટમેન્ટ સેક્ટરમાં ૮૫થી ૧૦૦ ટકા જેટલી ઉત્પાદકતા વધવાનો અંદાજ છે.નીતિ આયોગના રિપોર્ટને લોન્ચ કરતાં સીઈઓ બીવીઆર સુબ્રમણ્યમે જણાવ્યું હતું કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ભારતમાં વધુને વધુ પ્રમાણમાં રાજગોર સર્જનને વેગ આપશે. અને ૨૦૩૫ સુધી ભારતના અર્થતંત્રમાં લગભગ બે ટ્રિલિયન અમેરિકન ડોલર જેટલો ફાળો આપશે. તેમણે જણાવ્યું હતું કે એઆઈનો ઉપયોગ ઉત્પાદકતા વધારી શકે છે અને ઈનોવેશનનું સ્વરૂપ પણ બદલી શકે છે.

### બિહારથી એક મોટા સમાચાર આવ્યા

# નીતિશ કુમારની સરકારે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ યોજના શિક્ષણ લોનને વ્યાજમુક્ત કરવાની જાહેરાત કરી

## રાજ્યના મુખ્યમંત્રી નીતિશ કુમારે તેમના સત્તાવાર હેન્ડલ પરથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ સંદર્ભમાં એક પોસ્ટ પણ શેર કરી છે

બિહાર,તા.૧૬

બિહારથી એક મોટા સમાચાર આવ્યા છે. બિહારમાં મુખ્યમંત્રી નીતિશ કુમારની સરકારે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ યોજના હેઠળ આપવામાં આવતી શિક્ષણ લોનને વ્યાજમુક્ત કરવાની જાહેરાત કરી છે. રાજ્યના મુખ્યમંત્રી નીતિશ કુમારે તેમના સત્તાવાર હેન્ડલ પરથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ સંદર્ભમાં એક પોસ્ટ પણ શેર કરી છે.X પર કરેલી પોસ્ટમાં, મુખ્યમંત્રી નીતિશ કુમારે કહ્યું, બિહારમાં ૦૭ નિશ્ચય યોજના હેઠળ વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ યોજના ૦૨ ઓક્ટોબર ૨૦૧૬ થી ૧૨મું ધોરણ પાસ કરનારા અને ઉચ્ચ શિક્ષણ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટે અમલમાં છે.બિહાર વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ યોજના હેઠળ, ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે મહત્તમ ૦૪ લાખ રૂપિયાની શિક્ષણ લોન સામાન્ય અરજદારને ૦૪ ટકા વ્યાજ દરે અને મહિલાઓ, વિકલાંગ અને ટ્રાન્સજેન્ડર અરજદારોને માત્ર ૦૧ ટકા વ્યાજ દરે આપવામાં આવે છે. મને જણાવતા ખૂબ આનંદ થાય છે કે હવે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ યોજના હેઠળ આપવામાં આવતી શિક્ષણ લોનની રકમ બધા અરજદારો માટે વ્યાજમુક્ત રહેશે.તેમણે આગળ લખ્યું,ઉપરાંત ૬૦ માસિક હપ્તાઓ (૫ વર્ષ) માં ૨ લાખ રૂપિયા સુધીની શિક્ષણ લોન ચૂકવવાની જોગવાઈ હતી, જે હવે વધારીને મહત્તમ ૮૪ માસિક હપ્તાઓ (૭ વર્ષ) કરવામાં આવી છે અને ૨ લાખ રૂપિયાથી વધુની લોનની રકમ ૮૪ માસિક હપ્તાઓ (૭ વર્ષ) થી વધારીને મહત્તમ ૧૨૦ માસિક હપ્તાઓ (૧૦ વર્ષ) કરવામાં આવી છે.અમારો ઉદ્દેશ્ય એ છે કે રાજ્યના વધુને વધુ વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી શકે. ઉચ્ચ શિક્ષણ માટે આપવામાં આવતી શિક્ષણ લોનમાં આપવામાં આવતી આ સુવિધાઓ વિદ્યાર્થીઓનું મનોબળ વધારશે અને તેઓ વધુ ઉત્સાહ અને સમર્પણ સાથે ઉચ્ચ શિક્ષણ મેળવી શકશે અને તેમના ભવિષ્ય તેમજ રાજ્ય અને દેશના ભવિષ્યને ઘડી શકશે

### સમંથાએ કહ્યું કે પહેલાં તેને ડર લાગતો હતો

# ‘બે વર્ષમાં ભલે કોઈ ફિલ્મ ન આવી હોય, પણ હું સૌથી વધુ ખુશ છું’

## મને ખબર છે કે મારા ઘણા ફોલોઅર્સ મારી ગ્લેમરસ લાઇફ જોવા અને મારી ફિલ્મ જોવા માટે મને ફોલો કરે છે

મુંબઈ, તા.૧૬

એવું લાગે છે કે સમંથા રુથ પ્રભુને રોગપ્રતિકારક શક્તિને લગતી બીમારી માયસોટાઈસે વધુ મજબૂત બનવામાં મદદ કરી છે. તાજેતરમાં તેણે એક ઈન્ટરવ્યૂમાં પોતાની શારિરીક તકલીફો અને કૅરિઅર પ્રત્યે દૃષ્ટિકોણ વિશે વાત કરી હતી. મંગળવારે તે ઓલ ઈન્ડિયા મેનેજમેન્ટ એસોસિએશનના દિલ્હી ખાતે યોજાયેલા ૫૨મા નેશનલ મેનેજમેન્ટ કન્વેન્શનમાં હાજર રહી હતી. સમંથાએ કહ્યું કે હવે તે આ રેસનો ભાગ બનવા માગતી નથી અને તેને કોઈ ફિલ્મ જીતી જવાની ઈચ્છા નથી. આ અંગે તેણે કહ્યું, “મારા આ પહેલાના અવતારની વર્ષમાં પાંચ ફિલ્મ રિલીઝ થતી હતી, કારણ કે ત્યારે એક સફળ કલાકારની એ જ નિશાની હતી. એક બ્લોક બસ્ટર હોવી જોઈએ અને તમે ટોપ ૧૦ એક્ટર્સના લિસ્ટમાં હોવા જોઈએ. તે સિવાય મોટી મલ્ટિનેશનલ બ્રાન્ડનું એન્ડોર્સમેન્ટ પણ કરવું પડતું હતું. બે વર્ષથી મારી એક પણ ફિલ્મ રિલીઝ થઈ નથી, હું કોઈ ટોપ લિસ્ટમાં પણ નથી. મેં ૧૦૦ કરોડની ફિલ્મ કરી નથી, પરંતુ હું અત્યારે સૌથી વધુ ખુશ છું.’’આગળ સમંથાએ કહ્યું કે પહેલાં તેને ડર લાગતો હતો. તેણે કહ્યું, “હું એટલી નાજુક હતી. દરેક શુક્રવારે હું બદલાઈ જતી અને મને ચિંતા થઈ આવતી, કે કાલે કોઈ મારી જગ્યા લઈ લેશે તો, મારી ફિલ્મ કોઈ બીજાને મળી જશે. મારું સમગ્ર જીવન જ મારાં પોતાનાં મુલ્ય અને શુક્રવારની ગણતરીઓ પર નિર્ભર થઈ ગયું હતું.’’સમંથાએ પોતાના જીવનમાં પરિવર્તન લાવવા ઘણા પ્રયત્ન કર્યા છે. તેણે કહ્યું, “મને ખબર છે કે મારા ઘણા ફોલોઅર્સ મારી ગ્લેમરસ લાઈફ જોવા અને મારી ફિલ્મ જોવા માટે મને ફોલો કરે છે. મારી પોડકાસ્ટમાંથી તેમને મારી હેલ્થ વિષે પણ જાણવા મળે છે. હું બસ એટલું જ ઈચ્છું છું કે એ લોકોને જરૂર પડે તો હું એમને કોઈ રીતે મદદ કરી શકું. માત્ર જે છે એની ઋણી રહેવાથી મારું સમગ્ર વ્યક્તિત્વ બદલાઈ ગયું છે. બીજા દિવસે ભુલી જવાય એવી સફળતા લાંબો સમય ટકતી નથી. આમ નિષ્ફળતા માટેનો મારો સમગ્ર અભિગમ બદલાઈ ગયો છે.’’

### વિદેશીઓને લોભામણી સ્કીમોની લાલચ આપતા

# ગુજરાતમાં વધુ એક બોગસ કોલ સેન્ટરનો પર્દાફાશ થયો

## ઇંગલિશ ભાષામાં વાતચીત કરીને પોતે કોઈ કાયદેસરની કંપની અથવા સરકારી એજન્સીના પ્રતિનિધિ હોવાનો ઢોંગ કરતા હતા

વલસાડ,તા.૧૬

વલસાડના ભીલડ ખાતે હોટેલ ક્રિસ્ટલ ઈનમાંથી એક મોટું બોગસ કોલ સેન્ટર ઝડપાયું છે. પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને આ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. આ કોલ સેન્ટરમાંથી ૧૨ જેટલા લોકોની અટકાયત કરવામાં આવી છે, જેમાં ૨ મહિલાઓનો પણ સમાવેશ થાય છે. આ કૌભાંડમાં સંડોવાયેલા લોકો વિદેશી નાગરિકોને લોભામણી સ્કીમોની લાલચ આપીને તેમની સાથે છેતરપિંડી કરતા હતા. પોલીસે ઘટનાસ્થળેથી કોમ્પ્યુટર, મોબાઈલ ફોન અને અન્ય મહત્વના દસ્તાવેજો કબજે કર્યા છે, જેનો ઉપયોગ આ ગુનાહિત પ્રવૃત્તિઓ માટે થતો હતો. આ દરોડા બાદ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે જેથી આ રેકેટના મૂળ સુધી પહોંચી શકાય.

આ કોલ સેન્ટરનો મુખ્ય ઉદ્દેશ વિદેશી નાગરિકોને નિશાન બનાવીને છેતરપિંડી કરવાનો હતો. આરોપીઓ વિવિધ પ્રકારની લોભામણી સ્કીમો જેમ કે, લોન આપવાની, મોટી ઈનામી રકમ જીતવાની અથવા ટેક્સ ભરપાઈ કરવા જેવી બાબતોની લાલચ આપીને તેમને ફસાવતા હતા. તેઓ ઈંગલિશ ભાષામાં વાતચીત કરીને પોતે કોઈ કાયદેસરની કંપની અથવા સરકારી એજન્સીના પ્રતિનિધિ હોવાનો ઢોંગ કરતા હતા. આ રીતે, તેઓ ભોળા વિદેશીઓને વિશ્વાસમાં લઈને તેમની પાસેથી પૈસા પડાવતા હતા. આ પ્રકારના કૌભાંડો આંતરરાષ્ટ્રીય સ્તરે ગુનાહિત પ્રવૃત્તિઓનો એક ભાગ છે અને તેનાથી દેશની છબીને પણ નુકસાન પહોંચે છે. આ રેકેટનો પર્દાફાશ થતા પોલીસ દ્વારા સઘન તપાસ શરૂ કરવામાં આવી છે. અટકાયત કરાયેલા આરોપીઓની પૂછપરછ કરીને આ રેકેટના મુખ્ય સૂત્રધાર અને અન્ય સાગરિતોને પકડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. કબજે કરાયેલા કોમ્પ્યુટરો અને અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણોના ફોરેન્સિક તપાસ દ્વારા વધુ માહિતી મેળવવામાં આવશે. આ પ્રકારના ગુનાઓને ડામવા માટે પોલીસ અને સાયબર ક્રાઈમની ટીમોએ સતત સક્રિય રહેવું જરૂરી છે. લોકોએ પણ આવા કોલથી સાવચેત રહેવું જોઈએ અને કોઈપણ અજાણી વ્યક્તિ કે સંસ્થા સાથે નાણાકીય લેવડદેવડ કરતા પહેલા તેની ખરાઈ કરી લેવી જોઈએ. આ બનાવ સમાજમાં જાગૃતિ લાવવા માટે એક ચેતવણીરૂપ છે.

### યોગી સરકારે દિવાળી પહેલા યુપીવાસીઓને ભેટ આપી

# યુપી સરકારે ૫ વર્ષ સુધીના તમામ ઈ-મેમો માફ કરવાની જાહેરાત કરી

## આ મેમોને લગતા અવરોધો જેમ કે ફિટનેસ, પરમિટ, વાહન ટ્રાન્સફર અને હાઇ સિક્યુરિટી રજિસ્ટ્રેશન પ્લેટ (HSRP) પણ આપમેળે દૂર થઈ જશે

લખનૌ,તા.૧૬

ઉત્તરપ્રદેશની યોગી સરકારે દિવાળી પહેલા યુપીવાસીઓને ભેટ આપી છે. પરિવહન વિભાગે વર્ષ ૨૦૧૭થી ૨૦૨૧ સુધીમાં નોન-ટેક્સ ઈ-મેમોને માફ કરવાનો નિર્ણય લીધો છે. યુપી સરકારે ૫ વર્ષ સુધાના તમામ ઈ-મેમો માફ કરવાની જાહેરાત કરી છે, ત્યારે આ મેમો પરિવહનના સત્તાવાર પોર્ટલ પર બે કેટેગરીમાં જોવા મળશે. જેમાં એક જો મામલો કોર્ટમાં પેન્ડિંગ છે તો 'Disposed – Abated' અને બીજું જો મેમો ઓફિસમાં પેન્ડિંગ હોય અને સમયમર્યાદા સમાપ્ત થઈ ગઈ હોય તો 'Closed – Time-Bar' કેટેગરીમાં દેખાશે.આ સાથે, આ મેમોને લગતા અવરોધો જેમ કે ફિટનેસ, પરમિટ, વાહન ટ્રાન્સફર અને હાઈ સિક્યુરિટી રજિસ્ટ્રેશન પ્લેટ (HSRP) પણ આપમેળે દૂર થઈ જશે. જોકે, ટેક્સ સંબંધિત મેમો આ રાહતના દાયરાની બહાર રહેશે. પરિવહન વિભાગ મુજબ, આ પ્રક્રિયા ૩૦ દિવસમાં પૂરી કરાશે. આ પછી વાહનચાલક સ્વામી પોર્ટલ પર જઈને પોતાનો મેમો જોઈ શકશે. વિભાગે સ્પષ્ટતા કરી છે કે, એટલે કે કોઈને રિફંડ મળશે નહીં કે જૂના ચલણો ફરીથી ખોલવામાં આવશે નહીં.

મળતી માહિતી મુજબ, વર્ષ ૨૦૧૭થી ૨૦૨૧ વચ્ચે ૩૦.૫૨ લાખ ઈ-મેમો નોંધાયા છે. જેમાંથી ૧૭.૪૯ લાખ નિકાલ પહેલાથી જ થઈ ગયો છે, જ્યારે ૧૨.૯૩ લાખ ચલણ બાકી હતા. બાકી રહેલા મેમોમાં ૧૦.૮૪ લાખ કોર્ટમાં પેન્ડિંગ હતા અને ૧.૨૯ લાખ ઓફિસ સ્તરે પેન્ડિંગ હતા. હવે આ બધાનો સમય મર્યાદામાં ડિજિટલી નિકાલ કરવામાં આવશે. આગળના ભાગમાં બધા અવરોધો દૂર કરવામાં આવશે, જ્યારે સમગ્ર રેકોર્ડ અને ઓડિટ ટ્રેલ પાછળના ભાગમાં સુરક્ષિત રહેશે.

જો તમારો મેમો વર્ષ ૨૦૧૭થી ૨૦૨૧ વચ્ચે છે અને પોર્ટલ પર હજુ પણ ભરવાના બાકી બતાવે છે તો એક મહિના પછી ઈ-મેમો/ પરિવહનના પોર્ટલ પર જઈને મેમો અંગે ચેક કરવાનું રહેશે. સમગ્ર મામલે હેલ્પલાઈન નંબર ૧૪૯ નજીકના આરટીઓનો સંપર્ક કરી શકાશે.

# રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ટેટ-૧ અને ટેટ-૨ની પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી

## પરિપત્ર અનુસાર ટેટ-૧ અને ટેટ-૨ બંને પરીક્ષાનું આયોજન એક જ દિવસે કરવામાં આવ્યું છે જાહેરાત અનુસાર આ પરીક્ષા તારીખ ૧૨ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ યોજાશે

અમદાવાદ,તા.૧૬

અમદાવાદઃ શાળાઓમાં શિક્ષકની નોકરી મેળવવા માગતા ઉમેદવારો માટે મોટા સમાચાર સામે આવી રહ્યાં છે. જે ઉમેદવારો ટેટ-૧ અને ટેટ-૨ પરીક્ષાની તૈયારી કરી રહ્યાં છે તેઓને લઈને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સ્પેશિયલ ટીચર્સ એલિજિબિલિટી ટેસ્ટ ટેટ-૧ અને ટેટ-૨ની પરીક્ષાની તારીખ જાહેર કરી છે. પરીક્ષા બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલા પરિપત્ર અનુસાર ટેટ-૧ અને ટેટ-૨ બંને પરીક્ષાનું આયોજન એક જ દિવસે કરવામાં આવ્યું છે. જાહેરાત અનુસાર આ પરીક્ષા તારીખ ૧૨ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ યોજાશે.

મળતી માહિતી મુજબ, રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સ્પેશિયલ ટીચર્સ એલિજિબિલિટી ટેસ્ટ ટેટ-૧ અને ટેટ-૨ની પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી છે. સ્પે. ટેટ-૧ની પરીક્ષા ૧૨ ઓક્ટોબરે સવારે ૧૧ વાગ્યાથી ૧ વાગ્યા સુધી રહેશે. જ્યારે સ્પે. ટેટ-૨ની પરીક્ષા બપોરે ૩ વાગ્યાથી ૫ વાગ્યા સુધી યાજાશે. પરીક્ષા સ્થળની વાત કરીએ તો, પરીક્ષાનું આયોજન ચાર શહેરોમાં કરવામાં આવ્યું છે. જેમાં અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત જિલ્લાનો સમાવેશ થાય છે. શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા અને અન્ય બાબતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે. આ અંગે ભરતી પસંદગી સમિતિ દ્વારા જ અંતિમ નિર્ણય લેવામાં આવશે.નોંધનીય છે કે, ગત મહિને ટેટ-૧ અને ટેટ-૨ માટે શિક્ષકોની ભરતી માટેની જાહેરાત કરવામાં આવી હતી. જાહેરનામા અનુસાર ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૧ ઓગસ્ટ ૨૦૨૫ હતી. જ્યારે નેટ બેંકિંગ દ્વારા ફી સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૪ ઓગસ્ટ ૨૦૨૫ નક્કી કરવામાં આવી હતી. પરીક્ષા વિશે વધુ માહિતી રાજ્ય પરીક્ષા બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર મૂકવામાં આવશે. ઉમેદવારોએ આ વિશે વધુ માહિતી મેળવવા માટે **sebexam.org** ની મુલાકાત લેવી.

### પીએમ મોદીના જન્મદિવસ પર બિહારને ભેટ

# બિહારમાં નવી વંદે ભારત અને અમૃત ભારત એક્સપ્રેસ સહિત ૪ નવી ટ્રેન ૧૭ સપ્ટેમ્બરથી શરૂ થશે

## આ ટ્રેન અઠવાડિયામાં છ દિવસ ચાલશે. દાનાપુરથી ચાલનારી ટ્રેન મંગળવારે છોડીને બાકીના તમામ દિવસો ચાલશે, જ્યારે ફોર્બિસગંજથી ચાલનારી ટ્રેન બુધવારે છોડીને અઠવાડિયામાં છ દિવસ ચાલશે

બિહાર,તા.૧૬

ચૂંટણી વર્ષમાં કેન્દ્ર સરકાર બિહાર પર મહેરબાન છે. રેલ કનેક્ટિવિટી અને યાત્રીઓની સુવિધામાં સતત વધારો કરવામાં આવી રહ્યો છે. આ ક્રમમાં, બિહારથી ૧૭ સપ્ટેમ્બરથી ચાર નવી ટ્રેનો શરૂ થઈ રહી છે. તેમાં જોગબની-દાનાપુર વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ, સહરસા-ચેહરતા (અમૃતસર) વચ્ચેની અમૃત ભારત એક્સપ્રેસ, જોગબની-ઈરોડ અમૃત ભારત એક્સપ્રેસ અને કટિહાર-સિલીગુડી એક્સપ્રેસનો સમાવેશ થાય છે. ૧૭ રે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ પણ છે.

દાનાપુર અને જોગબની વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનનું સંચાલન ૧૭ સપ્ટેમ્બરથી શરૂ થશે. આ ટ્રેન અઠવાડિયામાં છ દિવસ ચાલશે. દાનાપુરથી ચાલનારી ટ્રેન મંગળવારે છોડીને બાકીના તમામ દિવસો ચાલશે, જ્યારે ફોર્બિસગંજથી ચાલનારી ટ્રેન બુધવારે છોડીને અઠવાડિયામાં છ દિવસ ચાલશે.

ટ્રેન નંબર ૨૬૩૦૨ – દાનાપુર-જોગબની વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ૧૭ સપ્ટેમ્બરથી દાનાપુરથી સાંજે ૫:૧૦ વાગે ઉપડીને આ સ્ટેશન પર હાજીપુર – ૬:૦૫ વાગે, મુઝફ્ફરપુર – ૬:૫૦ વાગે, સમસ્તીપુર – ૭:૪૩ વાગે, હસનપુર રોડ – ૮:૨૩ વાગે, સલૌના – ૮:૩૮ વાગે, ખગડિયા – ૯:૦૦ વાગે, સહરસા – ૯:૫૫ વાગે, દૌરમ મધેપુરા – ૧૦:૨૩ વાગે, બનમનખી – ૧૧:૦૦ વાગે, પૂર્ણિયા – ૧૧:૪૦ વાગે, અરરિયા કોર્ટ – રાત્રે ૧૨:૧૮ વાગે, ફોર્બિસગંજ – ૧૨:૪૮ વાગે, જોગબની – રાત્રે ૧:૨૦ વાગે પહોંચશે.

આ ૮ કોચની વંદે ભારત ટ્રેન કુલ ૪૫૩ કિમીનું અંતર લગભગ ૮ કલાક ૧૦ મિનિટમાં પૂરુ કરશે. ટ્રેન નંબર ૨૬૩૦૧ – જોગબની-દાનાપુર વંદે ભારત એક્સપ્રેસ આ ટ્રેન ૧૮ સપ્ટેમ્બરથી જોગબનીથી બપોરે ૩:૨૫ વાગ્યે નીકળશે અને સ્ટેશનો પર આ મુજબ રોકાશે જેમાં ફોર્બિસગંજ – ૩:૩૫ વાગે, અરરિયા કોર્ટ – ૪:૦૦ વાગે, પૂર્ણિયા – ૪:૫૦ વાગે, બનમનખી – ૫:૨૬ વાગે, દૌરમ મધેપુરા – ૫:૫૩ વાગે, સહરસા – ૬:૨૦ વાગે, ખગડિયા – ૭:૧૩ વાગે, સલૌના – ૭:૩૩ વાગે, હસનપુર રોડ – ૭:૪૮ વાગે, સમસ્તીપુર – ૮:૨૩ વાગે, મુઝફ્ફરપુર – ૯:૦૦ વાગે, હાજીપુર – ૯:૪૫ વાગે, દાનાપુર – રાત્રે ૧૧:૩૦ વાગે પહોંચશે

અન્ય ટ્રેનો

જોગબની-ઈરોડ અમૃત ભારત એક્સપ્રેસ

સહરસા-છેહરટા અમૃત ભારત એક્સપ્રેસ

કટિહાર-સિલિગુડી એક્સપ્રેસ

હાલમાં બિહારમાંથી ૧૩ વંદે ભારત ટ્રેનો ચાલે છે. જોગબની-દાનાપુર ટ્રેન શરૂ થયા બાદ આ સંખ્યા ૧૪ થઈ જશે. ૮ અમૃત ભારત ટ્રેનો હાલ કાર્યરત છે.જોગબની-ઈરોડ અને સહરસા-છેહરટા શરૂ થયા બાદ આ સંખ્યા ૧૦ થઈ જશે.

આ ઉપરાંત, જયનગર-પટના વચ્ચે ૧ નમો ભારત ટ્રેન પણ ચાલી રહી છે.

### શાકભાજીના ભાવમાં ૧૦૦ ટકા વધારો થયો

# મધર ડેરીનું દૂધ ૨ રુપિયા સસ્તું થયું, ઘી-પનીરના ભાવમાં પણ ઘટાડો

## સરકાર દ્વારા GST સુધારાની જાહેરાત બાદ તેની મોટી અસર જોવા મળી છે મધર ડેરીએ દૂધના ભાવ ઘટાડીને ગ્રાહકોને મોટી રાહત આપી છે

અમદાવાદ,તા.૧૬

સરકાર દ્વારા GST સુધારાની જાહેરાત બાદ તેની મોટી અસર જોવા મળી છે. મધર ડેરીએ દૂધના ભાવ ઘટાડીને ગ્રાહકોને મોટી રાહત આપી છે. ૨૨ સપ્ટેમ્બરથી નવા GST દરો લાગુ થવા જઈ રહ્યા છે, પરંતુ આ પહેલા પણ કંપનીએ તેના પેકેજ્ડ દૂધના ભાવમાં પ્રતિ લિટર ૨ રૂપિયા સુધીનો ઘટાડો કર્યો છે. મધર ડેરીએ તેના ૧ લિટર ટોન્ડ ટેટ્રા પેક દૂધના ભાવ ૭૭ રૂપિયાથી ઘટાડીને ૭૫ રૂપિયા કર્યા છે.

સરકારે ૩ સપ્ટેમ્બરના રોજ GST સુધારાની જાહેરાત કરી હતી અને તમામ આવશ્યક ચીજવસ્તુઓ પર લાગુ થતા કરમાં ઘટાડા અંગે માહિતી શેર કરી હતી. નાણામંત્રીએ કહ્યું હતું કે નવા GST દરો ૨૨ સપ્ટેમ્બરથી લાગુ કરવામાં આવશે અને દૂધ, ચીઝથી લઈને AC-TV સુધીની દરેક વસ્તુ સસ્તી થશે. તેના અમલીકરણ પહેલા જ મધર ડેરીએ તેના દૂધના ઉત્પાદનોના ભાવ ઘટાડી દીધા છે, જેનાથી ગ્રાહકોને મોટી રાહત મળી છે.મધર ડેરીએ નવા ધોરણો સાથે તમામ ઉત્પાદનો પર ગ્રાહકોને ૧૦૦% કર લાભ આપવા માટે આ મોટું પગલું ભર્યું છે. નોંધનીય છે કે કંપનીનો સમગ્ર ઉત્પાદન પોર્ટફોલિયો શૂન્ય ય્જી અથવા ૫% ના સૌથી નીચા સ્લેબ હેઠળ આવે છે. કંપની દ્વારા દૂધના ભાવમાં ઘટાડા પછી નવા ભાવની વાત કરીએ તો, મધર ડેરીના ૧ લિટર UHT દૂધ (ટોન-ટેટ્રા પેક) ની કિંમત ૭૭ રૂપિયાથી ઘટાડીને ૭૫ રૂપિયા કરવામાં આવી છે, જ્યારે ૪૫૦ મિલી પેક હવે ૩૩ રૂપિયાને બદલે ૩૨ રૂપિયામાં ઉપલબ્ધ થશે. આ ઉપરાંત, કંપનીના તમામ ફ્લેવરના ૧૮૦ મિલી મિલ્કશેકના પેકની કિંમત ૩૦ રૂપિયાથી ઘટીને ૨૮ રૂપિયા થઈ ગઈ છે.

પનીરની કિંમતની વાત કરીએ તો ૨૦૦ ગ્રામ પનીરનું પેકેટ હવે ૯૫ રૂપિયાને બદલે ૯૨ રૂપિયામાં મળશે. આ ઉપરાંત, ૪૦૦ ગ્રામ પનીરનું પેકેટ હવે ૧૮૦ રૂપિયાને બદલે ૧૭૪ રૂપિયામાં મળશે. મલાઈ પનીરની કિંમત પણ ઘટાડીને ૨૦૦ ગ્રામ પેક ૧૦૦ રૂપિયાથી ઘટાડીને ૯૭ રૂપિયા કરવામાં આવી છે.

કંપનીએ સ્પષ્ટતા કરી છે કે પાઉચમાં વેચાતા દૂધ, જેમ કે ફુલ ક્રીમ, ટોન્ડ દૂધ અને ગાયના દૂધના ભાવમાં કોઈ વધારો થશે નહીં. આ ઉત્પાદનો પર અગાઉ કોઈ GST (ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ) લાગુ પડતો ન હતો અને ભવિષ્યમાં પણ તેના પર કોઈ ટેક્સ લાગશે નહીં. તેથી, આ તમામ ઉત્પાદનોના ભાવ સ્થિર રહેશે.

# દામનગર ખાતે ''સરદાર સન્માન યાત્રા''નાં આગમનની તડામાર તૈયારીઓ






દામનગર સમસ્ત શહેરીજનોની સરદાર સન્માન યાત્રાને સત્કારવાના આયોજન માટે બેઠક યોજાઈ. 'સૌના સરદાર' ના સ્લોગન સાથે ૧૧ સપ્ટેમ્બરે બારડોલી સ્વરાજ આશ્રમ કર્મભૂમિથી પ્રસ્થાનથી રાજયના ૧૯ જિલ્લાઓના ૬૨ તાલુકાઓના ૩૬૫ જેટલા ગ્રામ્ય અને શહેરી વિસ્તારો માંથી પસાર થનાર સરદાર સન્માન યાત્રા આગામી ૨૦ મી સપ્ટેમ્બરે દામનગર ખાતે પધારી રહી છે. ત્યારે સરદાર સન્માન યાત્રાને સત્કારવા માટે સમસ્ત દામનગર શહેરીજનોની દામનગર પટેલ વાડી ખાતે બેઠક યોજાય હતી. જેમાં શહેર ભરમાંથી અઢારેય આલમના અગ્રણીઓ સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓ કેળવણી પ્રેમી વેપારીની વિશાળ ઉપસ્થિતિમાં સરદાર સન્માન યાત્રાના આગમનથી લઈ વિદાય સુધી શહેરમાં કમાન દરવાજા બેનરો ધજા પતાકાઓ પુષ્પ માળા વિવિધ સુશોભનો સહિત યુવાનો દ્વારા બાઈક રેલી સહિતના માઈક્રો પ્લાનિંગ માટે વિવિધ જવાબદારીઓ નક્કી કરાય હતી. બારડોલી સ્વરાજ આશ્રમથી ૧૧ સપ્ટેમ્બરે પ્રસ્થાન થયેલ સરદાર સન્માન યાત્રા ૨૨ સપ્ટેમ્બરે ધર્મભૂમિ ભગવાન શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં સમાપન થનાર છે. સરદાર સન્માન યાત્રા યુગો યુગાતર જીવંત બનાવવાના પ્રયાસથી સૌના સરદારને સત્કારવા યુવાનોમાં અદમ્ય ઉત્સાહ સરદાર સન્માન યાત્રાના રૂટ ઉપર અનેક પ્રકારના અભિયાનો મુહિમો સદાકાળ જીવંત બનાવતા વૃક્ષ મંદિરો નિર્માણ કરતા ગ્રીન આર્મી ટિમ સહિત વિચાર પ્રેરક સૂત્રો સાથે તારીખ. ૨૦/૯/૨૫ ને શનિવારે બપોર પછી દામનગરમાં ભવ્ય અને દિવ્ય રીતે સરદાર યાત્રાના સત્કાર માટે તૈયારીઓ પુરજોશમાં સરદાર યાત્રાના રૂટ ઉપર સરદાર કન્યા છાત્રાલયની દીકરીઓ દ્વારા મુખ્ય રાજ માર્ગોની બંને તરફ પુષ્પવૃષ્ટિ ખોડલધામ મહિલા સમિતિ સહિત વિવિધ સંસ્થાન સંગઠનો જ્ઞાતિ મંડળ પરંપરા ગત પરિધાનમાં સરદાર સન્માન યાત્રાને સત્કાર કરશે.

### કુલપતિ પ્રો. ઉત્પલ જોશી અને સાંસદ મોકરીયાની ઉપસ્થિતિમાં

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની મંડળી દ્વારા નિવૃત્ત પ્રાધ્યાપકોનું સન્માન થશે

### ડો. નવલ ડી. શીલુની પણ પ્રેરક ઉપસ્થિતિ રહેશે





અમરેલી, તા. ૧૬

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ડો. ઉત્પલ જોશીના અધ્યક્ષસ્થાને યોજાનારી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીની સાડત્રીસમી વાર્ષિક સાધારણ સભા શુક્રવાર, તા. ૨૬/૯/૨૦૨૪ ના રોજ સાંજે ચાર વાગ્યે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં આંકડાશાસ્ત્ર ભવનના આર્ટ ગેલેરી હોલમાં મળશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળી દ્વારા તાજેતરમાં નિવૃત થયેલા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એમ. બી. એ. ભવનના પૂર્વ અપ્રયક્ષ અને ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. પ્રતાપસિંહ ચૌહાણ તથા શિક્ષણશાસ્ત્ર ભવનના પૂર્વ અધ્યક્ષ અને મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનર્વિસટીના કુલપતિ પ્રોફે. ભરતભાઈ રામાનુજ, આંકડા શાસ્ત્ર ભવનના પૂર્વ અધ્યક્ષ અને પૂર્વ કુલપતિ પ્રોફે. ગિરીશ ભીમાણી, માલવીયા મીશન ટીચર ટ્રેનિંગ સેન્ટરના પૂર્વ ડાયરેકટર પ્રોફે. કલાધર આર્ય, રસાયણશાસ્ત્ર ભવનના પૂર્વ અધ્યક્ષ પ્રોફે. હિતેન્દ્ર જોષી, સંસ્કૃત ભવનના પૂર્વ અધ્યક્ષ પ્રોફે. મનસુખ મોલિયા, લાયબ્રેરી સાયન્સ વિભાગના પૂર્વ અધ્યક્ષ ડો. કોકિલાબેન ટાંક તથા ગુજરાતી ભવનના પૂર્વ અધ્યક્ષ પ્રો. મનોજ એચ. જોષીનો ગરિમાપૂર્ણ અભિવાદન સમારોહ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ઉત્પલ જોશીના અધ્યક્ષસ્થાને તા. ૨૬/૯/૨૦૨૫ને શુક્રવારનાં રોજ સાંજે ચાર કલાકે આર્ટ ગેલેરીના સેમીનાર હોલમાં યોજાશે.

આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે લોકપ્રિય સાંસદ રામભાઈ મોકરીયા ઉપસ્થિત રહેશે. તેમજ અતિથિ વિશેષ તરીકે સહકાર ભારતી રાજકોટ મહાનગરના અધ્યક્ષ અને માધવ ક્રેડિટ કો–ઓપરેટીવ સોસાયટી લી. ના મેનેજિંગ ડિરેકટર ડો. નવલ ડી. શીલુ ઉપસ્થિત રહેશે.

શુક્રવાર તા. ૨૬/૯/૨૦૨૫ ના રોજ યોજાનાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીની સાડત્રીસમી વાર્ષિક સાધારણ સભા, સાથોસાથ વય મર્યાદાને કારણે નિવૃત થનાર આઠ અધ્યાપકોના અભિવાદન સમારોહને સફળ બનાવવા માટે અધ્યાપકોની સહકારી મંડળીના પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડિયા, ઉપપ્રમુખ પ્રો. જે.એ. ભાલોડિયા, મંત્રી પ્રો. વી.જે. કનેરીયા, સહમંત્રી પ્રો. યોગેશ જોગસણ, ખજાનચી ડો. રંજનબેન ખૂંટ, કારોબારી સભ્યો– પ્રો. સંજય ભાયાણી, પ્રો. આર. બી. ઝાલા, પ્રો. અતુલભાઈ ગોસાઈ, પ્રો. નિકેશ શાહ, ડો. રેખાબા જાડેજા, પ્રો. મનીષ શાહ, ડો. અશ્વિનભાઈ સોલંકી અને ડો. ભરતભાઈ ખેર જહેમત ઉઠાવી રહ્યા છે. કાર્યક્રમના ઉદઘોષક તરીકે મનોવિજ્ઞાન ભવનના વડા પ્રો. યોગેશ જોગસણ ફરજ બજાવશે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીથી સાવરકુંડલા માર્ગ ઉપર**

એમ્બ્યુલન્સ આવી જતા ત્રણેયને કારની બહાર કાઢી અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર ખસેડાયેલ હતાં. કિશનભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થયેલ તથા જમણા પગે ગંભીર ઈજા થતા મોત નિપજેલ હતું. આ બનાવમાં કાર ચાલક વિશાલભાઈ વિરૂધ્ધ ફરિયાદ નોંધાયેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીથી સોમનાથ–દ્વારકાની**

દિલીપભાઈ સંઘાણી, બાવકુભાઈ ઉંઘાડ, કાળુભાઈ ભંડેરી, સ્વ. જગુભાઈ ગોલ (વરૂડીવાળા), ભાવેશભાઈ સોઢા, એ.ડી. મોગલ, અમરેલી આયુષ ડોકટર્સ એસોસિએશન તથા પ્રફુલ્લભાઈ બાટવીયા તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે.

આ યાત્રાને સફળ બનાવવા ભીખુભાઈ અગ્રાવત, ચેતનભાઈ રાવળ (એડવોકેટ), મધુભાઈ આજુગીયા, નયનભાઈ જોષી (બેદી), કિશોરભાઈ મિશ્રા (માસ્તર), કિરણભાઈ નાંઢા, કમલેશભાઈ ગરાણીયા, મનિષભાઈ મોરઝરીયા, પ્રફુલ્લભાઈ બાટવીયા, ભાવેશભાઈ સોઢા, તુલસીભાઈ મકવાણા, બીપીનભાઈ ગાંધી, ડો. ચંદ્રેશભાઈ ખુંટ, ડી.જી. મહેતા (પેન્ટર), કે.પી. પટેલ, વજુભાઈ ગોલ, વિશાલભાઈ સોઢા, પ્રિતેશભાઈ માનસેતા, રીતેશભાઈ ઉપાધ્યાય, હરેશભાઈ સાદરાણી, યોગેશભાઈ કોટેચા, પી.સી. દુધાત, પુનીત બાંભરોળીયા, રામજીભાઈ જાદવ (એડવોકેટ), ધર્મેન્દ્રભાઈ અગ્રાવત (ટોમ), મુસ્તાકભાઈ તેલી, તરંગભાઈ પવાર, હિતેષભાઈ પોપટ, દિનેશભાઈ વાઘેલા, ડો. રાજુભાઈ કથીરીયા, મુન્નાભાઈ મોરઝરીયા તથા બંટીભાઈ અજમેરા જહેમત ઉઠાવી રહયા છે.

પાના ૮ ઉપરનું ચાલું **પતિને આજીવન કેદની સજા**

પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી.

બાદમાં આ ભોગ બનનાર પત્નિનું સારવાર દરમિયાન મોત નિપજેલ હતું અને બનાવ હત્યામાં પલટાયો હતો. આ અંગેનો કેસ ગત તા. ૪/૭/૦૭ ના રોજ અમરેલીની એડિ. સેશન્સ જજ, સેકન્ડ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચાલી જતા તે ગુનાના કામે આરોપી પતિને ઈ.પી.કો. કલમ ૪૯૮ (ક) નાં ગુના અંગે બે વર્ષની સખત કેદની સજા તથા રૂા. ૫૦૦ દંડ તથા ઈ.પી.કો. કલમ ૩૦૨ મુજબનો ગુનો પુરવાર થતો ન હોય પરંતુ ૩૦૪–પાર્ટ–૨ મુજબનો ગુનો પુરવાર થતો હોય જેથી ઈ.પી.કો. કલમ ૩૦૪–પાર્ટ–૨ મુજબ ગુનાનાં કામે ચાર વર્ષની સખત કેદની સજા તથા રૂા. ૧૦૦૦ હજાર દંડની સજા કરવામાં આવેલ હતી.

આ હુકમથી નારાજ થઈ આરોપી દ્વારા સજા માફ કરવા માટે તથા સરકારી વકીલ મમતાબેન ત્રિવેદી દ્વારા આરોપી સામે હત્યાનો ગુનો માન્ય રાખવા માટે ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવેલ હતી.

આ કેસ ગુજરાત હાઈકોર્ટમાં ચાલી જતા ગુજરાત હાઈકોર્ટ દ્વારા અમરેલીના સરકારી વકીલની અપીલ માન્ય રાખી આરોપી પતિ ગિરીશભાઈ કરશનભાઈ સાગઠીયાને હત્યાના ગુન્હામાં દોષી ઠેરવવામાં આવ્યા છે અને તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે.

### આગામી ૭ ઓકટોબરનાં સમગ્ર દેશમાંથી લગ્ન ઈચ્છુકો જોડાશે

## જાલીડા : શ્રી રામધામ ટ્રસ્ટ ખાતે રઘુવંશી સમાજનાં યુવક અને યુવતીઓનો પરિચય મેળો યોજાશે

### રઘુવંશી સમાજનાં આગેવાનો દ્વારા તડામાર તૈયારીઓ

અમરેલી, તા. ૧૬

રામધામ ટ્રસ્ટ જાલીડા ખાતે પરિચય મેળાનું આયોજન કરેલ છે. સમગ્ર વિશ્વમાં વસતા રઘુવંશીનું એકતા અખંડતાનું પ્રતીક રામધામ ટ્રસ્ટ જાલીડા ખાતે તા. ૭/૧૦/૨૫ને મંગળવારે શરદપૂનમને દિવસે તમામ રઘુવંશીઓ યુવક યુવતીઓ માટે એક પરિચય મેળાનું આયોજન કરેલ છે.

જેમાં ભારતભરના અલગ અલગ શહેરો ગામોમાંથી પોતાના જીવનસાથીની પસંદગી કરવા માટે આ કાર્યક્રમમાં ભાગ લેવાના છે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રામધામ ટ્રસ્ટ જાલીડા તેમજ રઘુવંશીઓની અનેક સંસ્થાઓના દરેક કાર્યકરો પ્રયાસ કરી રહ્યા છે જેમાં રામધામના ટ્રસ્ટના દરેક ટ્રસ્ટીઓ જેમ કે આપણા એક માત્ર રઘુવંશી ધારાસભ્ય જીતુભાઈ સોમાણી, ગીરીશભાઈ કાનાબાર, પ્રતાપભાઈ કોટક, પરેશભાઈ વિઠલાણી, ભીખાલાલ પાંવ, અશ્વિનભાઈ કોટક, શૈલેષભાઈ પાબારી, પરેશભાઈ કાનાબાર, પ્રવિણભાઈ ખંઢેરીયા, રામધામ ટ્રસ્ટના મહિલા સમિતિના પ્રમુખ એવા સોનલબેન વસાણી અને આ કાર્યક્રમના મુખ્ય હસુભાઈ ભગદેવ દ્વારા એક કમિટીની રચના કરવામાં આવી છે.

જેમાં મનનભાઈ મુંબઈ ખાતેથી તેમજ રાજકોટ ખાતેથી મેહુલભાઈ નથવાણી, મયંકભાઈ પાઉ, જાગૃતિબેન ખીમાણી અને રમેશભાઈ રાછ ધરમપુરથી આશાબેન સોમૈયા સુરતથી ગીરીશભાઈ તન્ના નવસારીથી તેમજ આવા અનેક સ્વયંસેવકો મહેનત કરી રહ્યા છે. આ કાર્યક્રમની રૂપરેખા બપોરે ૨:૦૦ વાગે રામધામ ખાતે પરિચય મેળાની શુભ શરૂઆત કરવામાં આવશે ત્યાં પધારેલ દરેક યુવક યુવતી વાલી સહિત સૌના માટે આ પરિચય મેળમાં રામધામ ખાતે હાઈટીની વ્યવસ્થા તેમજ સાંજે પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. અને શરદ પૂનમના ઉત્સવને ધ્યાનમાં રાખી રામધામ ખાતે શરદ પૂનમના દિવસે રાસોત્સવનું આયોજન પણ કરવામાં આવેલું છે. જેમાં રાજકોટ, વાંકાનેર, મોરબી, માણાવદર, ભાણવડ, દ્વારકા, જામ ખંભાળિયા, પોરબંદર, ચોટીલા, સુરેન્દ્રનગર, જસદણ, અમરેલી, થાન, ટંકારા, કુવાડવા, પડધરી, ગોંડલ અને આસપાસના વિસ્તારોમાંથી દરેક રઘુવંશીઓ પધારશે અને સાથો સાથ રાત્રે દૂધ પીવાની પ્રસાદી પણ રાખેલ છે. તો રામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આ બાબતે દરેક રઘુવંશીઓને પધારવાનું ખાસ આમંત્રણ પાઠવીએ છીએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે હસુભાઈ ભગદેવ, મનભાઈ (સપનાના વાવેતર), મેહુલભાઈ નથવાણી, મયંકભાઈ પાઉ, જાગૃતિબેન ખીમાણી, કિરિટભાઈ કેસરીયા, ભદ્રેશભાઈ વડેરા, રમેશભાઈ રાછ, ધરમપુર આશાબેન સોમૈયા, સુરત નિહારિકાબેન પુજારા, સુરત મનીષભાઈ અનળકટ, હેતલબેન સેજપાલ રાજકોટ વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીના માર્કેટયાર્ડમાં**

ત્યારબાદ સેમ્પલ બદલી નબળી કક્ષાના તલનું વજન કરાવી છેતરપીંડી કરતા હોવાની સંસ્થાને જાણ થતાં સમગ્ર મામલે સીસીટીવીના ફુટેજના આધારે તપાસ કરતાં છગનભાઈ કરશનભાઈ વાળા તથા સંજયભાઈ કરશનભાઈ ડાંગોદરા ઉર્ફે ભુરાભાઈ બન્ને ભાગીદારીથી તેમજ મદદગારોમાં મયુરભાઈ મનુભાઈ રાઠોડ જે તમામ ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના ભડીયાદર ગામના રહેવાસી છે જેઓ દ્વારા તલના વેંચાણમાં છેંતરપીડી આચરવામાં આવેલ હોવાનું માલમ પડેલ જે બાબતે ઉપરોકત ઈસમોને ઝડપી તેમજ મુદામાલની જપ્તી કરી ઉંડાણપુર્વક તપાસ કરતા અગાઉ પણ ૧૨–૧૩ વખત આ જ પધ્ધતિથી છેતરપીંડીનો ગુનો કર્યાનું કબુલ કરેલ. જે અન્વયે સંસ્થામાં છેતરપીંડીના આવા દુષણને ડામવા માટે ચેરમેન શૈલેષભાઈ સંઘાણી દ્વારા આ ત્રણેય ઈસમો સામે દંડનીય કાર્યવાહીરૂપે મુદામાલ જપ્ત કરી અમરેલી મુખ્યયાર્ડ ચોગાનમાં કાયમી પ્રવેશબંધી જાહેર કરવામાં આવેલ છે. તેમ એક અખબાર યાદીમાં માર્કેટયાર્ડના સેક્રેટરી તુષાર હપાણીએ જણાવેલ છે.

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૮૫૦ | ૧૫૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૬૦ | ૪૬૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૪૯ |
| ૪ | ચણા | ૯૦૦ | ૧૦૫૦ |
| ૫ | ચણા સફેદ | ૯૦૦ | ૯૯૫ |
| ૬ | ધાણા | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ૭ | મેથી | ૮૦૦ | ૮૦૦ |
| ૮ | તુવેર | ૮૦૦ | ૯૩૫ |
| ૯ | અડદ | ૭૮૦ | ૧૧૩૫ |
| ૧૦ | તલ સફેદ | ૧૨૫૦ | ૧૮૩૫ |
| ૧૧ | તલ કાળા | ૧૭૮૨ | ૧૭૮૨ |
| ૧૨ | સોયાબીન | ૭૩૫ | ૭૯૯ |
| ૧૩ | શીંગ ફાડા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૪ | શીંગદાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૫ | મગફળી | ૭૫૧ | ૧૧૦૦ |

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૯૭૧ | ૧૦૧૬ |
| ૨ | ચણા | ૧૦૪૦ | ૧૦૪૦ |
| ૩ | ઘઉં | ૬૦૦ | ૬૦૦ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૧ | ૧૪૨૯ |
| ૨ | મગફળી | ૭૮૭ | ૧૦૦૫ |
| ૩ | ઘઉં | ૫૦૬ | ૫૩૧ |
| ૪ | ચણા | ૧૦૭૫ | ૧૦૭૫ |
| ૫ | તુવેર | ૧૦૭૫ | ૧૧૦૭ |
| ૬ | ધાણા | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ૭ | તલ કાળા | ૩૮૦૧ | ૩૮૦૧ |


### જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ હીતેષભાઈ એમ. મીઠાપરા,** રે. બાબરા, જે અમારી પાસેથી અમારા અસીલ **નૈયા બાબુભાઈ જીવાભાઈ,** વિ. ૩, રે. સુકવળા વાળાએ તેની મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

બાબરા તાલુકાના સુકવળા ગામે આવેલ ખેતીની જમીન જુની શરતની જમીન ખાતા નં. ૧૪૯, સર્વે નં. ૩૩૧, હે.આરે.ચો.મી. ૨–૦૨–૩૪, વાળી સંયુકત નામે **(૧) નૈયા બાબુભાઈ જીવાભાઈ (૨) નૈયા નકુભાઈ જીવાભાઈ (૩) નૈયા અરવિંદભાઈ જીવાભાઈની** ખેતીની જમીન વારસાઈ હકકે આવેલ છે. તેઓએ આ ખેતીની જમનીનો ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તે મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સરકારી કે અર્ધ સરકારી – અર્ધ સરકારી સંસ્થાનુ હિત સમાયેલ હોય કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો આવેલ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીત આધાર પુરવા સાથે નીચે જણાવેલ સરનામે રજી.પોસ્ટ એ.ડી. થી જણાવવું, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખું નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રિપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ :– ૧૭/૦૯/૨૦૨૫
ઓફીસ, મામલતદાર ઓફીસ સામે, મર્કેનટાઈલ બેંક નીચે, મુ. બાબરા. જિ. અમરેલી. મો. ૯૯૨૫૦ ૧૬૦૨૮

**હિતેષભાઇ એમ. મીઠાપરા**
**(એડવોકેટ એન્ડ નોટરી)**

### જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર : **સુરેશચંદ્ર બી. તેરૈયા (એડવોકેટ)** તે અમારા અસીલ **અનીસાબેન રફીકભાઈ સૌયદ રે. બાબરા**વાળાની સુચના અનુસાર લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટિસથી જાણ / તાકી કરૂં છું કે,

અમારા અસીલ એ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે–બાબરા ગામે જુના ગામતળ વિસ્તારમાં ચમારડીના જાપા સ્થિતમાં આવેલ ખુલ્લી રહેણાંક હેતુસરની જમીન આવેલી છે. તેનો પ્લોટ નં. ૮ છે. તેમનો સીટીસર્વે નં.–૧૭૧૦ પૈકી કે જેનું ક્ષેત્રફળ ચોસર મીટર ૧૧૯–૭૧ છે. અને જેનું ક્ષેત્રફળ ચોરસ વાર ૧૪૩–૧૭૩૨ છે. જેનું કુલ ક્ષેત્રફળ ૨૦૧૨–૪૬ ચો.મી. છે. અને આ મિલ્કત નગરપાલિકા કચેરી બાબરાના આકારણી અનુક્રમ નંબર / ટેનામેન્ટ નં.– ૧૦૦૫૧૦૦૯૩/૭ ઉપર નોંધાયેલ છે, આ મિલ્કત અમારા અસીલ એ રજી. વેચાણ દસ્તાવેજ નં.– ૧૦૭૭/૨૦૨૪ થી **(૧) ઈકબાલભાઈ હબીબભાઈ પરમાર (૨) હનીફભાઈ હબીબભાઈ પરમાર** પાસેથી યોગ્ય અવેજ ચુકવી ખરીદ કરેલ છે.

અને અમારા અસીલ આ મિલ્કત પર શ્રી નાગરીક સહકારી બેંક લિ.– બાબરામાંથી નાણાંકીય સવલતો મેળવવા માંગે છે અને તે સબંધે અમારી પાસે એન.ઓ.સી./ ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ / વ્યકિતનું કે કોઈ નાણાંકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી સંસ્થાનું હિત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ / વ્યકિતનો લાગભાગ, હક્ક – હિસ્સો તેમજ હિત સમાયેલ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દીન–૦૭ (સાત) માં લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી. મુદ્દત પૂર્ણ થયે કોઈના કોઈપણ જાતની તકરાર માન્ય રહેશે નહિ અને તેમણે પોતાના તમામ હક્ક હિસ્સા જતા કરેલ છે. તેમ માની અમો ઉપરોકત મિલ્કત ઉપર ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ આપીશું, અમારા અસીલ બેંક સદર મિલ્કત મોર્ગેજ / ગીરોમાં લેશે અને પોતાનો ચાર્જ ઉભો કરશે. મુદ્દત વિત્યે પાછળથી કોઈના કોઈપણ પ્રકારના વાંધા ચાલશે નહિ, અને જો કરશે તો આ જાહેર નોટિસથી રદ્દ બાતલ ગણાશે. જેની આ જાહેર નોટિસથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**તે અમારા અસીલની સ્પષ્ટ સુચનાથી**

**તારીખ : ૧૬/૦૯/૨૦૨૫**
**સ્થળ : બાબરા**

**સુરેશચંદ્ર બી. તેરૈયા**
**(એડવોકેટ)**


# દામનગરના ધામેલપરામાં આમ આદમી પાર્ટીની જાહેર સભા યોજાઈ






દામનગરના ધામેલ ગામે ધામેલપરા વિસ્તારમાં આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીની અધ્યક્ષતામાં ગુજરાત જોડો જનસભા યોજાય હતી. અમરેલી જિલ્લા આમ આદમી પાર્ટીનાં સંગઠનના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં ધામેલપરા ખાતે યોજાયેલ જનસભામાં દામનગર શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના અસંખ્ય યુવાનો આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. વર્તમાન સરકારની નીતિઓની ઝાટકણી કાઢતા ઈસુદાન ગઢવી ગુજરાત પ્રદેશ પ્રમુખ તેમજ અમરેલી જિલ્લા આમ આદમી પાર્ટીનાં પ્રમુખ નિકુંજ સાવલિયા સહિત કાંતિભાઈ સતાસીયા શૈલેષ ભાદાણી સહિત અનેક હોદેદારોએ ગુજરાત જોડો જનસભામાં હાજરી આપી મોટી સંખ્યામાં યુવાનો આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. ધામેલ પરા ખાતે આમ આદમીપાર્ટીના ઈસુદાન ગઢવીએ પ્રવેશતા સરદાર પટેલની પ્રતિમાને સુરતની આંટી પહેરાવી જય જવાન જય કિશાનના નારા લગાવ્યા હતા.

# નમો અમૃતમ જન્મોત્સવ નરેન્દ્ર મોદી એક સક્ષમ રાજનિતિજ્ઞ



અમરેલી, તા. ૧૬

૧૭ મી સપ્ટેમ્બરે ૧૯૫૦ ના દિવસે ગુજરાતના વડનગર ખાતે વર્તમાન ભારતના સક્ષમ કુટીલ અને કાર્યદક્ષ રાજનીતિજ્ઞ નરેન્દ્ર મોદીનો જન્મ થયેલો તે આજે ભારતના હેટ્રીક વડાપ્રધાન પદે છે. વિરોધીઓ જ મુખ્ય પ્રચારક છે. એવું સાબિત કરી શકે એવી કુશાગ્રતા ભર્યુ રાજકારણ પ્રસ્થાપિત કરનાર એકમાત્ર રાજકારણી તરીકે નરેન્દ્ર મોદી અવલ્લ રહે છે.

આફતને અવસરમાં બદલવાની આવડતે વિરોધીઓએ ઉભા કરેલા વિવાદોને વ્યાપક પ્રચારનુ માધ્યમ બનાવીને નરેન્દ્ર મોદીએ સ્પષ્ટપણે પ્રતિપાદિત કર્યુ છે. આફત, અવરોધ, વિવાદ, વિરોધ એજ રાજકારણનો ધોરીમાર્ગ છે એટલે જેટલો વિરોધ થાય એટલું વ્યકિતત્વ વધુ મોટુ બનતું જાય છે.

લોકશાહીની ચોથી જાગીરનો એક રૂતબો અને વિશિષ્ટ ગરીમા હતી, ટેકનોલોજીના વિકાસથી સોશિયલ મીડિયા અને ઈલેકટ્રોનિક મીડિયાના માધ્યમોના વિકાસ થવાથી મીડીયા મેનેજમેન્ટની વ્યવસ્થાએ નરેન્દ્ર મોદીને અસામાન્ય રાજનીતિજ્ઞ બનાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે.

મીડીયા સ્વતંત્ર હતું પણ નરેન્દ્ર મોદીએ મીડીયા મેનેજમેન્ટથી ' ગોદી મીડીયા' નો એક રાજકીય વ્યવસ્થા ઉભી કરી જેના કારણે મીડિયા મેનેજમેન્ટ વ્યાપક પ્રચારનુ મોટું શસ્ત્ર બની ગયું છે.

ખાસ તો કયારે કયાં પહોંચવું અને કયારે કયાં ગેરહાજર રહેવું, કોને કયારે સાથે રાખવો અને કોને કયારે દુર હડસેલી દેવો એ રાજનીતિને કારણે નરેન્દ્ર મોદીએ સંખ્યાબંધ પ્રતિ સ્પર્ધીઓને ડામી દિધા છે, સંખ્યાબંધ લોકોની રાજકીય કારકિર્દીને સમાપ્ત કરવામાં નરેન્દ્ર મોદીની કુટીલતા પણ નોંધનીય રહી છે,

૨૦૦૦ થી ૨૦૨૫ સુધી નિરંતર પ્રગતિ અને ત્રણ વાર મુખ્યમંત્રી પછી ત્રણ વાર વડાપ્રધાન તરીકે સતા ઉપર સ્થિર ટકી રહેવાનો શુભ યોગ ભારતમાં અન્ય કોઈ રાજકારણીને નામે નથી, દુનિયાના જાણ્યા અજાણ્યા અનેક દેશોનો પ્રવાસ કરી વિશ્વગરૂ તરીકે વિશ્વપ્રવાસી નેતાનુ સન્માન માટે નરેન્દ્ર મોદી એકમાત્ર રાજકારણી છે.ભાજપ, સંઘ, વિશ્વ હિન્દુ પરિષદ, હિન્દુ મહાસભા, બજરંગ દળ, સહિત હિન્દુત્વ વાદી સંગઠનો અને સંસ્થાઓનો જરૂરીયાત સમયે સચોટ અને પરીણામદાયી ઉપયોગ કરવામાં નરેન્દ્ર મોદીને જવલંત સફળતા મળી છે. જે તેની રાજકીય કૃશાગ્રતાનો પરીચય કરાવે છે.

ભારતના ઉદ્યોગપતિઓના સાથ સહકાર સહયોગથી કોર્પોરેટ પોલીટીકસનો ઉદભવ કરનાર એકમાત્ર નરેન્દ્ર મોદીને ગણાવી શકાય, ભારતીય પ્રજા મતદારો ઉપર માસ હિપ્ટોનિઝમ જેવી ૩ દાયકા સુધી મજબુત પકડ ધરાવનાર નરેન્દ્ર મોદીના ગ્રહો કયારેય નબળા રહ્યા નથી, ગ્રહો અને નક્ષત્રો પણ મોદીના વિજય માટે સતત અનુકુળ બનતા રહ્યા છે,કોર્પોરેટ પોલીટીકસના ભાગરૂપે ખાનગીકરણના તેમના અભિગમને કારણે અનેક નવા આયામો રચાયા છે, વ્યાપક સ્વિકૃતી પ્રદર્શિત કરવા 'મોબ મેનેજમેન્ટ' થી દુર દુરથી શ્રોતાઓને વાહનોમાં લાવવા, ભોજન સમારંભો યોજવા, ભવ્ય સમારંભો યોજવા, વિશાળ સભાઓ કરવી, નિયમિત રોડ શો કરવા, સંવેદનાપુર્ણ ઘટનાઓનો પ્રચાર કરવો. આ માટે પબ્લીક રીલેશન કંપનીઓની મોંઘી સેવાઓ લેવી, જેવા ઘણા નવા અને પરીણામદાયી પ્રયોગો નરેન્દ્ર મોદીએ રાજકારણમાં સક્રિય કરી દિધા,

જેવો દેશ તેવો વેશ. ટોપી ફેરવવામાં માહિર રાજકારણી તરીકે નરેન્દ્ર મોદીએ જયાં જવાનું હોય તે વિસ્તારનો પહેરવેશ અને ટોપી પહેરીને વિવિધતામાં સફળતાના પ્રયોગને સફળ બનાવ્યો છે,

સાચા ને સંદતર ખોટો સાબિત કરવા સોશિયલ મીડિયાનો રાજકારણમાં ભરપુર ઉપયોગ કરીને રાજકારણને નવી દિશા આપવામાં પણ નરેન્દ્ર મોદી અવલ્લ રહ્યા છે,દેશની સમગ્ર પ્રશાસન વ્યવસ્થાનો રાજકીય ઉપયોગ કરવામાં નરેન્દ્ર મોદીએ મોટી સફળતા મેળવી છે. એજ તેની રાજકીય સફળતા છે, સામે, દામ, દંડ, ભેદ. આ ચારેય વિધિઓનો સતત ઉપયોગ કરાયો, અને નાના મોટા હજારો હરીફો વિરોધીઓને ઘુટણીયે પાડી ગુલામ બનાવી દેવાની બૌદ્ધિક શકિત અન્ય કોઈ રાજનીતિજ્ઞ માં જોવા મળી નથી,નરેન્દ્ર મોદીએ તેની કરૂણા પ્રદર્શિત કરવા જે કરવું પડે તે કર્યું છે, સાહસ પ્રદર્શિત કરવા પણ જેવું કરવું પડે તે કર્યું છે, જે કરવું પડે તે બધું અજમાવીને પોતાની સતાને સતત સળંગ અને મજબુત રીતે ટકાવીને એટલું સ્પષ્ટ સાબિત કર્યુ છે કે 'મોદી એક બ્રાન્ડ' છે,

'નરેન્દ્ર મોદી' ના એકમાત્ર નામના આધારે ભાજપ અને સંઘના હજારો નેતાઓને સતાનો સ્વાદ ચાખવા મળ્યો છે, ઈવીએમ હોય કે મતદાર યાદીની રમત હોય પણ છેવટે એનકેન પ્રકારે મોદી બ્રાન્ડ સતા ઉપર ટકી રહી છે,

નરેન્દ્ર મોદી જે રાજકારણ કરી શકે, કુટીલતા વાપરી શકે, સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી શકે, મીડીયા મેનેજમેન્ટ કરી શકે છે, પીઆર એજન્સીઓ કામે લગાડી શકે, મોબ મેનેજમેન્ટ કરીને વિરાટ સભાઓ , રોડ શો કરી શકે છે. તો તેના માટે કરોડો અબજો રૂપિયા પણ ખર્ચાય છે ખર્ચ મેનેજમેન્ટ માટે ઉદ્યોગપતિઓનુ મેનેજમેન્ટ પણ કરવું પડે છે આ ફક્ત નરેન્દ્ર મોદી કરી શકે છે એવું નથી, બુદ્ધિ ચાતુર્ય અને રાજકીય સમય સુઝ હોય તો બાકીના પક્ષો અને નેતાઓ પણ કરી શકે છે, નરેન્દ્ર મોદી અને તેના સલાહકારો, સહયોગીઓએ હ્યુમન સાયકોલોજી, અને સમય સુચકતાનુ પણ મેનેજમેન્ટ કર્યુ છે, હિંસા અને કરૂણાના પ્રયોગો કર્યા છે, અન્યાય અને જાતીવાદના પ્રયોગો કર્યા છે, ધર્મવાદ અને કોમવાદના પ્રયોગો કર્યા છે. વિરોધીઓ ઉપર અન્યાય અને સરકારી સતાઓનો દુર ઉપયોગ પણ કર્યો છે, વિરોધીઓની ખરીદી અને નિષ્ફળ વફાદારોની હકાલપટ્ટી પણ કરી છે, આ અવનવા રાજકીય પ્રયોગો ચલાવવા મોટી હિમત અને સાહસ જરૂરી છે વફાદારો અને ગુલામોની મોટી ફોજનુ મેનેજમેન્ટ કરવું એ કઠીન કાર્ય છે આ કઠીન કાર્ય નરેન્દ્ર મોદીએ સફળતા પુર્વક પાર પાડયું છે,

૭૫ વર્ષે શરીર ખખડી જાય છે વૃધ્ધત્વથી નિષ્ક્રિય બની જાય એવી આ નિવૃતીની વયે પણ નરેન્દ્ર મોદી નિરંતર સતા અને રાજનીતિને સફળાથી ચલાવી રહ્યા છે,

ભુતકાળમાં અનેક રાજકીય ઈતિહાસો લખાયા છે લોકનેતાઓ તરીકે ઘણા મહાનુભાવોના ઈતિહાસ છે પરંતુ નરેન્દ્ર મોદીનો રાજકીય ઈતિહાસ રાજનીતિજ્ઞ તરીકે અવલ્લ રહેશે, બુદ્ધિ અને બળથી, કુટનીતિથી, કૃત્રિમતાથી પણ 'મહાનતા' મેળવવા નરેન્દ્ર મોદીએ ખુબ લાંબી રાજકીય કારકિર્દી નિભાવી છે,

મહાત્મા ગાંધીજીથી વધુ મહાન બનવાની મહાત્વાકાંક્ષાને કારણે નરેન્દ્ર મોદીને સર્વમાન્ય લોકનેતા બની શકયા નથી, સફળતા માટે વપરાતી કૃત્રિમતાને કારણે નરેન્દ્ર મોદી કુશાગ્ર રાજનીતિજ્ઞ તરીકે રાજકીય ઈતિહાસમાં નોંધાયેલા રહેશે, ભારતની રાજનીતિમાં સ્વતંત્રતા સમયે મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલની ગુજરાતી જોડીએ લોકશાસન માટેનો પ્રજાસતાક ઈતિહાસ નિર્માણ કર્યો છે. તે પછી ફરી નરેન્દ્ર મોદી અને અમિત શાહની ગુજરાતી જોડીએ કુટીલ રાજકારણનો સફળ ઈતિહાસ નિર્માણ કર્યો છે,

લોકપ્રિય લોકનેતા, અને સફળ રાજનીતિજ્ઞ વચ્ચે મોટો તફાવત છે, મહાત્મા ગાંધી અને નરેન્દ્ર મોદી બંને ઉતર દક્ષિણ જેવા ગુજરાતીઓ છે, મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલ વાસ્તવિક લોકનેતા હતા. જયારે નરેન્દ્ર મોદી અને અમિત શાહ સફળ રાજનીતિજ્ઞ છે. ભારતની સ્વતંત્રતા અને લોકશાહી શાસનનો ઉદય મહાત્મા ગાંધી અને સરદાર જેવા ગુજરાતી સપુતોએ કર્યો છે. એ સુર્વણ કાળ અને એ લોકનેતાઓના ઈતિહાસથી મોટો ઈતિહાસ ફરી કોઈ રચી શકશે નહીં,નરેન્દ્ર મોદીનો અમૃત જન્મોત્સવ ગુજરાતમાં સતાકીય અને રાજકીય ધોરણે ઉજવાય રહ્યો છે, અનેક સેવા કાર્યો અને સમારંભો, ઉત્સવો, યોજનાઓના ઉદ્રઘાટનો થઈ રહ્યા છે, સમગ્ર સરકારી તંત્ર, ભારતીય જનતા પક્ષ અને સહયોગી સંસ્થાઓ નરેન્દ્ર મોદીના અમૃત જન્મોત્સવ માટે થનગની રહ્યા છે, ભારતના રાજકીય ઈતિહાસમાં અન્ય કોઈ વડાપ્રધાનનો જન્મદિવસ આટલા વિશાળ પાયા ઉપર ઉજવાયો નથી, મોદી અમૃતમ જન્મોત્સવ નિમિત્તે અનેક પ્રકારના રેકોર્ડ કરવામાં આવશે, લાખો લોકો રક્તદાન કરશે, લાખો વૃક્ષો રોપાશે, ૧૭ મી સપ્ટેમ્બર ભાજપ પક્ષ હશે ત્યાં સુધી જન્મોત્સવ તરીકે ઉજવાશે,

અંતે. નરેન્દ્ર મોદીએ રાજકારણ અને સતા માટે જે કરવુ જોઈએ તે બધા રસ્તા અખત્યાર કર્યા, જેવો દેશ તેવો વેશ ધારણ કર્યો. નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી તરીકે અને વડાપ્રધાન તરીકે હેટ્રીક સતા ટકાવી રાખી, ભોગવી છે, દુનિયા ઝુકતી હૈ ઝુકાનેવાલા ચાહિયે નરેન્દ્ર મોદીએ ચોક્કસ પણે આ સુત્ર સાબિત કર્યુ.

નરેન્દ્ર મોદી. ગુજરાતી છે એટલે એમની કુશાગ્ર રાજનીતિ અને સમય સાથે થતાં રાજકારણને નવી દિશા આપી છે. રાજકારણમાં કૃત્રિમતાને સફળતાનુ શસ્ત્ર બનાવી આપ્યું છે. સતાનો ઉપયોગ અને દુર ઉપયોગના અનેક પ્રયોગો દર્શાવ્યા છે, ઘર કુટુંબ પરિવાર સગા સંબંધી મિત્રતા વગેરે મોહ માયામાં ફસાયા વિના નરેન્દ્ર મોદીએ તેના જીવનનો એક મોટો સમય માટે સમ્રાટ જેવી બાદશાહી ભોગવી છે. ભાગ્ય અને કર્મ બંનેને નિર્વિવાદ પણે સફળ કર્યા છે, નરેન્દ્ર મોદીને. હાર્દીક શુભેચ્છાઓ. દિર્ઘાયુ માટે શુભકામનાઓ. નમો અમૃતમ્ જન્મોત્સવના સૌને અભિનંદન.

લેખક
**શ્રી રાજેશ જે.માધવાણી**
અમરેલી - મો. ૯૪૨૮૭ ૯૮૩૮૪



Credai-India અને NATCON દ્વારા થયું આયોજન

# અમરેલીનો તેજસ્વી યુવા કરણજીત ખુમાણ સિંગાપુર ખાતે યોજાયેલ માસ્ટર ઈન અર્બન ડેવલપમેન્ટ સમિટમાં જોડાયો

## ગુજરાતમાંથી માત્ર ૨ વિદ્યાર્થીઓની પસંદગીમાં સામેલ




અમરેલી, તા. ૧૬

આપણી જુની અને જાણીતી કહેવત છે કે, "મોરનાં ઈંડા ચીતરવા ન પડે" તેમ અમરેલીમાં વર્ષોથી સિવિલ એન્જિનીયર અને વેલ્યુઅર ક્ષેત્ર તરીકે ઉમદા કામ કરનાર એમ.જે. ખુમાણનાં પુત્ર કરણજીત ખુમાણ પણ તેમના પિતાનાં પગલે આગળ ચાલીને આજે ઈન્ટરનેશનલ સમિટમાં જોડાયા હતા.

કરણજીત ખુમાણ હાલમાં (EPT-યુનિવર્સિટી અમદાવાદ)માં ફાઈનલ વર્ષમાં ઈજનેરી શાખામાં અભ્યાસ કરે છે. તેઓ Credai-India અને NATCON સિંગાપોરની વાર્ષિક ઈન્ટરનેશનલ સમિટનું દર વર્ષે આયોજન થાય છે. જેમાં ગુજરાતમાંથી માત્ર ૨ વિદ્યાર્થીઓની પસંદગી થઈ છે. તેમાં અમરેલીનાં યુવા કરણજીત એમ. ખુમાણની પસંદગી થઈ છે. આ સમિટમાં ૧૨૦૦ વધુ સદભાગીઓ જોડાતા હોય છે.આ સમિટમાં ડેવલપર્સ, ઈન્વેસ્ટર્સ, ફાયનાન્સીયલ ઈન્સ્ટીટયુટ અને લીગલ એકસપર્સ જોડાતા હોય છે. જેમાં ભવિષ્યનાં વિકાસ અંગે ચર્ચા-વિચારણા થતી હોય છે જેને લઈને ભારત દેશનાં રીયલ એસ્ટેટનાં વિકાસનાં તબકકાને વ્યાખ્યાયિત કરવામાં મદદ મળશે.

આ ત્રિદિવસીય સમિટમાં અનેક દેશોનાં રીયલ એસ્ટેટ ડેવલપમેન્ટનાં વડાઓ પણ જોડાતાં હોય છે એવી મહત્વની સમિટમાં અમરેલીનો યુવા જોડાતા સમગ્ર જિલ્લાનું ગૌરવ વધ્યું છે.

# ચલાલા : તાલુકા કક્ષાનો ૭૬મો વન મહોત્સવ યોજાયો



ચલાલા, તા. ૧૬

આજ રોજ તારીખ ૧૪/૯/૨૦૨૫ના રોજ યુગ નિર્માણ ગાયત્રી ટ્રસ્ટ સંચાલિત હીરાબા મહિલા કોલેજ તેમજ રક્ષા શકિત સ્કુલ ચલાલા ખાતે તાલુકા કક્ષાનો ૭૬મો વન મહોત્સવ ધારી રેન્જ દ્વારા ચલાલા ખાતે ધારી બગસરા ખાંભા વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડિયાના અધ્યક્ષ સ્થાને તેમજ ચલાલા દાનેવ ધામના લઘુમંહત અને વાઈલ્ડ લાઈફ વોર્ડન મહાવીર બાપુ ભગતના તેમજ કોલેજના કાઉન્સિલર મહેશભાઈ મેહતા તેમજ ચલાલા નગરપાલિકાના પ્રમુખ તેમજ સભ્યો તેમજ તાલુકા ભાજપ પ્રમુખ રક્ષા શકિત સ્કુલના પ્રિન્સિપાલ તેમજ સામાજિક વનીકરણ ધારીના સ્ટાફ દ્વારા એક પેડ કે નામ અંતર્ગત વૃક્ષો નુ વાવેતર તેમજ ૧૫૦ વિદ્યાર્થીઓને વનીકરણ તેમજ વન્ય પ્રાણીને લગત સાહિત્ય પુસ્તિકાઓ તેમજ અભ્યાસ માટે ચોપડાઓનુ જે.વી. કાકડિયાના હસ્તે પુસ્તકોનુ તમામ કેમ્પસના વિદ્યાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું તેમજ વાઈલ્ડ લાઈફ વોર્ડન મહાવીર બાપુના હસ્તે બાળકોને અભ્યાસ માટેના ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું. લાઈન બુકો, પોસ્ટરો, પત્રિકાઓ, સ્ટીકરોનુ પણ ૧૫૦ વિદ્યાર્થીઓને વિતરણ કરવામાં આવેલ. તેમજ આ કાર્યક્રમના અંતે બાળકોને પૌષ્ટિક નાસ્તો કરાવી કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવેલ.

નાયબ ઈજનેર કાલાણીની ઉપસ્થિતિમાં

# લીલીયાનાં પુંજાપાદર ગામે ગ્રાહકોને સોલાર રૂફટોપ અંગેની માહિતી અપાઈ

## મોટી સંખ્યામાં ગામજનો ઉપસ્થિત રહયા



લીલીયા, તા. ૧૬

સોલાર એનર્જી ગ્રીન એનર્જીના ભાગરૂપે લીલીયા તાલુકાના પુંજાપાદર ગામે પીજીવીસીએલના નાયબ ઈજનેર એમ.એચ. કાલાણી ધ્વારા પ્રધાનમંત્રી સૂર્ય ઘર યોજના હેઠળ વીજ ગ્રાહકોને સોલાર રૂકટોપ અંગેની માહિતી અને સોલાર સબસીડીની જાણકારી આપવા માટેનો રાત્રીના સમયે કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. સોલાર ફીટ થઈ ગયા પછી તેની જાણકારી કેવી રીતે કરવી અને સોલાર પ્લેટ રાત્રીના સમયે સાફ કરવાની જાણકારી આપવામાં આવેલ હતી. સોલાર રૂકટોપ લગાવ્યા બાદ વીજ બચત અંગે માહિતી આપવામાં આવેલ હતી. આ ઉપરાંત ઘરમાં સલામતી માટે ELCB લગાડવા અંગેની જાણકારી આપવામાં આવેલ હતી. મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત થયેલ હતા. સરપંચ તથા ગ્રામના અગ્રણી વિનુભાઈ રામાણી ધ્વારા ગ્રામજનો ને સોલાર રૂકટોપ ફીટ કરવામાં માટે સહાયની જાહેરાત કરેલ અને દેશના ગ્રીન એનર્જીના ભાગમાં જોડીદાર થવા અપીલ કરેલ હતી. ગ્રામજનો દ્વારા સુંદર માહિતી આપવા બદલ કાલાણીનો આભાર માનવામાં આવેલ હતો.

પ્રધાનમંત્રીનાં જન્મદિનથી લઈને રાષ્ટ્રપિતાનાં જન્મદિન નિમિત્તે

# અમરેલી જિલ્લામાં આજથી ૨ ઓકટોબર સુધી ''સ્વચ્છતા હી સેવા'' કાર્યક્રમ શરૂ

## ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં સ્વચ્છતાનુ થશે કાર્ય



અમરેલી, તા. ૧૬

સમગ્ર દેશમાં શહેરી અને ગ્રામીણ જીવનમાં સ્વચ્છતાનો સંદેશો ફેલાવવા તા. ૧૭/૯/૨૫ થી તા. ૨/૧૦/૨૫ સુધી સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અને શહેરી વિભાગ દ્વારા દરરોજ વિવિધ થીમ આધારિત સરકારનાં તમામ વિભાગો, કચેરીઓ ઉપરાંત સ્થાનિક સંસ્થાઓ, પદાધિકારીઓ, ગ્રામજનો, આગેવાનો વિગેરેને જોડી તમામ જાહેર જગ્યા, જળાશયો, ધાર્મિક સ્થળો, જાહેર રસ્તાઓ વિગેરે સફાઈ ઝુંબેશ હાથ ધરાવા સાથે તમામ ગ્રામ્ય તેમજ નગરપાલિકા વિસ્તારમાં આ અભિયાનનો શુભારંભ થયો.

કલેકટર તેમજ જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ જેમાં કેન્દ્ર અને રાજય સરકારના હસ્તકના તમામ વિભાગ અને કચેરીમાં સુચારૂ અમલીકરણ થાય તે માટે અધિકારીઓને સુચન કરવામાં આવેલ.

આ પખવાડીક દરમ્યાન ઘન કચરા, પ્રવાહી કચરા, પ્લાસ્ટિક કચરાનું વૈજ્ઞાનિક ઢબથી કાયમી અને યોગ્ય નિકાલ સાથે લોકોની આદતમાં બદલાવ લાવી ગામમાં સ્વચ્છતા સાથે સ્વસ્થતામાં વધારો થાય તે માટે બહોળા પ્રમાણમાં જન ભાગીદારી નોંધાય અને લોકો સ્વયમ રીતે સ્વચ્છતાના આગ્રહી બને તે માટે સ્વયંમ જોડાવા જિલ્લા વહીવટી તંત્ર અનુરોધ કરે છે.

# નવા ખીજડીયા ખાતે આધુનિક બસ સ્ટેન્ડના નિર્માણનું ખાતમુહૂર્ત



અમરેલી, તા. ૧૬

અમરેલીના નવા ખીજડીયા ગામમાં આધુનિક બસ સ્ટેન્ડના નિર્માણ કાર્યનું ભવ્ય ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ પ્રોજેક્ટ સાંસદ ભરત સુતરિયાની સાંસદ ગ્રાન્ટમાંથી સાકાર થવાનો છે. આ અવસરે ખાસ ઉપસ્થિતિ તરીકે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી ધારાસભ્ય કૌશિક વેકારીયા પણ હાજર રહ્યા હતા.

કાર્યક્રમ દરમ્યાન સાંસદે જણાવ્યું કે ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે સુવિધાસભર પરિવહન પ્રણાલી અત્યંત જરૂરી છે. નવા બસ સ્ટેન્ડના નિર્માણથી ગામલોકોને જ નહીં પરંતુ આસપાસના વિસ્તારોના મુસાફરોને પણ સીધી રીતે લાભ મળશે. તેમણે ખાતરી આપી કે આગામી સમયમાં પણ વિસ્તારના વિકાસ માટે વધુ યોજનાઓ અમલમાં મુકવામાં આવશે.

ધારાસભ્યએ પણ પોતાના સંબોધનમાં જણાવ્યું કે ગ્રામ્ય વિકાસ સરકારની પ્રાથમિકતા છે અને આવી સુવિધાઓથી ગામોમાં નવો ઉલ્લાસ અને પ્રગતિનો માર્ગ ખૂલે છે.આ અવસરે ગામના આગેવાનો, પંચાયત પ્રતિનિધિઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. લોકોએ નવા બસ સ્ટેન્ડના નિર્માણને લઈ આનંદ વ્યકત કર્યો અને સાંસદ તથા ધારાસભ્યનો આભાર માન્યો.

પરિવાર અને આરોગ્ય કલ્યાણ વિભાગ દ્વારા

# અમરેલી : ''સ્વસ્થ નારી, સશક્ત પરિવાર'' અભિયાનનો આજથી થશે પ્રારંભ

## જુદા-જુદા કાર્યક્રમો તેમજ પ્રવૃતિઓ યોજાશે

અમરેલી, તા. ૧૬

સ્ત્રીઓનું આરોગ્ય અને સશકિતકરણ આપણા પરિવારો, સમાજ અને સમગ્ર રાષ્ટ્રની પ્રગતિ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આ પરિપ્રેક્ષ્યમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા તા. ૧૭ સપ્ટેમ્બર થી ૨ ઓકટલબર ૨૦૨૫ સુધી ''સ્વસ્થ નારી, સશકત પરિવાર અભિયાન'' નો પ્રારંભ કરી રહ્યું છે. જે અંતર્ગત અમરેલી જિલ્લામાં પણ આ અભિયાન અંતર્ગત જુદા-જુદા કાર્યક્રમો તેમજ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવશે.

ઉપરોકત સંદર્ભમાં અમરેલી જિલ્લામાં (૧) મહિલાઓનું આરોગ્ય સ્ક્રીનીંગ (૨) માતા અને બાળ સંભાળ (૩) જાગૃતિ અને વર્તન પરિવર્તન (૪) નીઃક્ષય મિત્ર નોંધણી અભિયાન (૫) રકતદાન વગેરે જેવી બાબતોને ધ્યાને લઈ મેડીકલ કેમ્પોનું આયોજન કરવામાં આવશે.

આ અભિયાન અંતર્ગત મહિલાઓ અને બાળકોને વિવિધ આરોગ્યલક્ષી સેવાઓ તેમજ રસીકરણ સુવિધાઓ પુરી પાડવામાં આવશે મહિલાઓ માટે ચકાસણી અને આરોગ્ય સેવાઓ જેવી કે ઈએનટી, આંખ, બીપી, ડાયાબિટીસ ચેક-અપ, કેન્સર (મો, સ્તન, ગર્ભાશય) ની ચકાસણી, રસીકરણ સેવાઓ, ગર્ભવતી મહિલાઓની પૂર્વ પ્રસૂતિ તપાસ, એનિમિંયા સ્તર ચકાસણી, ટેલિમેડિસીન સુવિધાઓ, ક્ષયરોગ (ટીબી) ચકાસણી, સિકલ સેલ એનિમિયા ચકાસણી.

ઉપરાંત તંદુરસ્ત જીવનશૈલી અને વેલનેસ ઘટકોને લગતી સેવાઓ પણ પુરી પાડવામાં આવશે જેવી કે ખાંડ અને તેલનો ૧૦ ટકા ઘટાડો કરી સ્થુળતા ઓછું કરવી, સ્થાનિક તથા પ્રાદેશિક ખોરાકના પ્રચાર-પ્રસાર, બાળપણથી જ પોષણ તથા યોગ્ય ખાવા-પિવાની રીતો અપનાવવી, માસિક સ્છ્ચ્છતા તથા પોષણ અંગે જાગૃતિ, બ્લડ ડોનેશન કેમ્પો, અંગદાન નોંધણી, નિક્ષય મિત્ર નોંધણી,

ઉપરોકત અનુસંધાને અમરેલી જિલ્લાની જાહેર જનતા ઉકત ''સ્વસ્થ નારી, સશકત પરિવાર અભિયાન'' અંતર્ગત આયોજિત કેમ્પો અને કાર્યક્રમોમાં વધુને વધુ લોકો ભાગ તેવુ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની ડો. આર. એમ.જોષી યાદિમાં જણાવે છે.




## ડો. ભરત કાનાબાર સંસ્થાપિત અનુકંપા ફાઉન્ડેશન દ્વારા આયોજિત

# અમરેલીથી સોમનાથ–દ્વારકાની તીર્થયાત્રાનું મુખ્યમંત્રી કરાવશે પ્રસ્થાન

### આગામી ૨૧ સપ્ટેમ્બરને રવિવારે સવારે ૨૫૧ વડીલો સાથે ૫ બસો રવાના થશે

### યાત્રાને યાત્રાધામ વિકાસ બોર્ડ, દિલીપ સંઘાણી, ભાવેશ સોઢા, રામ એન્ટરપ્રાઈઝનો સહયોગ

### નાયબ દંડક વેકરિયા, સાંસદ સુતરીયા, પૂર્વ મંત્રી ઉંધાડ, પી.પી. સોજીત્રા, મુકેશ સંઘાણી ઉપસ્થિત રહેશે

### જિલ્લાનાં ૧ હજાર સીનિયર સિટીઝનને તીર્થયાત્રા નિઃશુલ્ક કરાવવાનું અનુકંપા ફાઉન્ડેશનનું અભિયાન ગતિમાં

અમરેલી, તા. ૧૬

કોરોના કાળથી સમાજ સેવામાં પ્રવૃત અનુકંપા ફાઉન્ડેશને કોરોના સમયમાં હજારો રાશન કીટો જરૂરિયાતમંદ પરિવારોને પહોંચાડી છે. આ ઉપરાંત તોકતે વાવાઝોડા સમયે અસરગ્રસ્તોને મદદ, વિધવા બહેનોને રાશન કીટનું વિતરણ તેમજ ખેડુતો માટે કૃષિધિરાણને જુનુ–નવું કરવા રીવોલ્વીંગ ફંડ ઉભું કરી ખેડુતોની ૬૩ કરોડની લોનો ભરપાઈ કરવામાં સહાયભુત થનાર અનુકંપા ફાઉન્ડેશને જીલ્લાના ૧૦૦૦ વડીલોને સોમનાથ–દ્વારકાની તીર્થયાત્રા કરાવવાનો સંકલ્પ કરેલ છે. આ અભિયાનના ભાગરૂપે અગાઉ ૧૦૦ વડીલો આ યાત્રાનો લાભ લઈ ચુકયા છે. આગામી તા. ૨૧ સપ્ટેમ્બરના રવિવારે સંસ્થા દ્વારા એક સાથે ૨૫૧ વડીલો તીર્થયાત્રા કરવા રવાના થનાર છે.





રવિવારે સવારે ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, લાઠી રોડ ઉપર આવેલ લોહાણા મહાજન વાડી ખાતેથી આ ૫ બસોને લીલી ઝંડી આપી યાત્રાને પ્રસ્થાન કરાવશે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા આ કાર્ય માટે સંસ્થાને આંશિક આર્થિક સહયોગ મળતો રહે છે. આ ઉપરાંત આ યાત્રા માટે

અનુસંધાન પાના ૬ ઉપર

## સીસીટીવી કેમેરાની મદદથી કારસ્તાન ઝડપાયું

# અમરેલીના માર્કેટયાર્ડમાં તલ વેચાણ કરવા લાવી છેતરપીંડી કરતી ટોળકીને ઝડપી લેવાઈ

### ટોળકીના સદસ્ય ઉપર પ્રવેશબંધીની કાર્યવાહી કરાઈ







અમરેલી, તા. ૧૬

શ્રીખેતીવાડી ઉત્પન્નબજાર સમિતિ, તા. ૧૧/૯/૨૦૨૫ ને ગુરૂવારના રોજ તલ વેંચાણ કરવા માટે છગનભાઈ કરશનભાઈ વાળા તથા મયુરભાઈ મનુભાઈ રાઠોડ આવેલ હતા. જેઓ હરરાજી દરમ્યાન સારી કવોલીટીના તલ, ૨–૩ કટા રાખી કરાવતા જતાં

અનુસંધાન પાના ૬ ઉપર

## વર્ષ ૨૦૦૭માં અમરેલીની ફાસ્ટટ્રેક કોર્ટમાં ૪ વર્ષની સજા સામે હાઈકોર્ટમાં અપિલ થતા

# બગસરાનાં બાલાપર ગામે ૧૯ વર્ષ પહેલા પત્નીને જીવતી સળગાવનાર પતિને આજીવન કેદની સજા

### અમરેલીનાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદી મૃતક મહિલાને ન્યાય અપાવવામાં સફળ

અમરેલી, તા. ૧૬

બગસરા તાલુકાના બાલાપર ગામે રહેતી એક પરિણીતાના પતિને અન્ય સ્ત્રી સાથે અનૈતિક સંબંધના કારણે લગભગ ૧૯ વર્ષ પહેલાં પત્નિને કેરોસીન છાંટી દીવાસળી ચાંપી જીવતી સળગાવી દીધી હતી. આ બનાવમાં જે તે સમયે ભોગ બનનાર પત્નીએ પોતાએ પતિ વિરૂધ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી. બાદમાં આ ભોગ બનનાર પત્નિનું સારવાર દરમિયાન મોત નિપજેલ હતું અને બનાવ હત્યામાં પલટાયો હતો. આ અંગેનો કેસ અમરેલીની એડિ. સેશન્સ જજ, સેકન્ડ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચાલી જતા તે ગુનામાં આરોપી પતિને ગત તા. ૪/૭/૨૦૦૭ ના રોજ ઈ.પી.કો. કલમ ૪૯૮(ક) નાં ગુનામાં બે વર્ષની સખત કેદની સજા તથા રૂા. ૫૦૦ દંડ તથા ઈ.પી.કો. કલમ ૩૦૨ મુજબનો ગુનો પુરવાર થતો ન હોય પરંતુ ૩૦૪–પાર્ટ–૨ મુજબનો ગુનો પુરવાર થતો હોય જેથી ઈ.પી.કો. કલમ ૩૦૪–પાર્ટ–૨ મુજબ ગુનાનાં કામે ચાર વર્ષની સખત કેદની સજા તથા રૂા. ૧૦૦૦ હજાર દંડની સજા કરવામાં આવેલ હતી. જેથી તે હુકમથી નારાજ થઈ આરોપી તથા સરકાર દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરેલ હતી. આ કેસ હાઈકોર્ટમાં ચાલી જતા ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આરોપીને હત્યાના આરોપ માટે દોષી ઠેરવવામાં આવ્યો હતો અને તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે.

આ બનાવમાં મળતી વિગત મુજબ બગસરા તાલુકાના બાલાપર ગામે રહેતી જયાબેન ગિરીશભાઈ સાગઠીયા નામની ૨૦ વર્ષિય પરિણીતાના પતિ ગિરીશભાઈ કરશનભાઈ સાગઠીયાને અન્ય સ્ત્રી સાથે અનૈતિક સંબંધ હોવાના કારણે ગત તા. ૧૬/૨/૦૬ ના રોજ આ પતિ–પત્નિ વચ્ચે પત્નિને બોલાચાલી અને ઝગડો થતાં પતિએ એકદમ ઉશ્કેરાઈ જઈ ઘરમાં કેરોસીન ભરેલ કેન લઈ પત્નિને ધક્કો મારી અને ખાટલા ઉપર તેણીને પછાડી દઈ કેરોસીન છાંટી દીધું હતું અને દીવાસળી ચાંપી જીવતી સળગાવી દીધી હતી.

આ બનાવમાં ગંભીર રીતે દાઝી ગયેલ પરિણીતાને પ્રથમ અમરેલી તથા વધુ સારવાર માટે રાજકોટ દવાખાને ખસેડાયેલ હતી. આ બનાવમાં જે તે સમયે પત્નિએ પોતાના પતિ ગિરીશભાઈ કરશનભાઈ સાગઠીયા વિરૂધ્ધ

અનુસંધાન પાના ૬ ઉપર

## અનેક ખેડૂતો સમસ્યાથી ચિંતિત

# સાવરકુંડલાનાં વંડા ગામમાં નર્મદા પાઈપ લાઈનનાં લીધે ૧૨૦૦ વીઘા જમીન પ્રભાવિત

### ધારાસભ્યએ ખેડૂતોની વેદના દુર કરાવવી જોઈએ

સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા તાલુકાના વંડા વાડી વિસ્તારમાં છેલ્લા પાંચ વર્ષથી નર્મદા પાઈપલાઈનના કારણે ખેડૂતોને મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. વંડા વાડી તરફ જતા મુખ્ય રસ્તા પર નર્મદા પાઈપલાઈન નાખવામાં આવી છે, જેના પ્રોટેક્શન માટે ઉપર લોખંડનો મોટો પાઈપ ચડાવવામાં આવ્યો છે. આ પાઈપ સંપૂર્ણપણે ઉપરની તરફ નાખેલો હોવાથી રસ્તો સંપૂર્ણપણે અવરોધિત થઈ ગયો છે. આ કારણે ખેડૂતોને તેમની વાડીઓમાં જવા માટે બાઈક, ટ્રેકટર, બળદગાડી કે અન્ય વાહનોનો ઉપયોગ કરી શકતા નથી. આ રસ્તા પર આશરે ૧૨૦૦ થી ૧૫૦૦ જેટલા વીઘા જમીન આવેલી છે, જેના કારણે વંડાના ખેડૂતોને વંડાથી પિયાવા અને ત્યાંથી



વાડીઓમાં જવું પડે છે.

આ વધારાના અંતર અને મુશ્કેલીઓને કારણે ખેડૂતોનું જીવન અને કામકાજ પ્રભાવિત થઈ રહ્યું છે. સાવરકુંડલા તાલુકા પંચાયતના માજી કારોબારી ચેરમેન ભરત પી. સાટીયાએ આ અંગે વાત કરતાં કહ્યું કે, અમે તંત્રને વારંવાર વિનંતી કરી છે કે આ પાઈપને ઊંડો બેસાડીને રસ્તો મુકત કરવામાં આવે.

વળી, પાઈપમાંથી લીકેજ પણ છે, જેના કારણે ઉનાળામાં પણ મોટા પ્રમાણમાં પાણી વેડફાઈ જાય છે. પરંતુ તંત્ર આ લીકેજને બંધ કરવા માટે કોઈ પગલાં લેવાયા નથી. ખેડૂતોની આ વેદનાને ધ્યાનમાં રાખીને તંત્રને તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. આ સમસ્યાના નિરાકરણથી વિસ્તારના ખેડૂતોને મોટી રાહત મળશે અને જમીનનો વધુ સારો ઉપયોગ થઈ શકશે.

## અમરેલી જિલ્લાનાં અનેક માર્ગો મગરમચ્છની પીઠ જેવા

# વડિયાથી ગોંડલના માર્ગમાં ખાડા છે કે ખાડામાં માર્ગ છે તે સમજાતું નથી : ગઢવી

### ભ્રષ્ટાચાર નામની બલ્લાએ વાહન ચાલકોની હાલત ખરાબ કરી



અમરેલી, તા. ૧૬

વડિયાથી ગોંડલનો માર્ગ અતિ બિસ્માર હોય ''આમ આદમી પાર્ટી' નાં પ્રમુખ ઈસુદાન ગઢવીએ માર્ગની હાલત સામે નારાજગી વ્યકત કરી હતી.

તેઓ ગઈકાલે વડિયાથી ગોંડલ તરફ જતાં હોય માર્ગ બિસ્માર હોય તેઓએ માર્ગ ઉપર ઉતરીને માર્ગની હાલત અંગે વિડીયો બનાવીને સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યો હતો.

તેઓએ જણાવયું કે ભાજપનાં રાજમાં ભ્રષ્ટાચારે હદ વટાવી છે. માર્ગ બનાવવામાં કમિશનબાજુ થતી રહે છે. અને માર્ગો બિસ્માર બની ગયા છે. જનતાએ હવે જાગૃત થઈને વર્તમાન શાસકોને આરામ આપવાની જરૂર હોવાનું જણાવ્યું હતું.













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)